જીવનનું ધ્યેય - નિર્ગ્રંથતા

• નવલભાઈ શાહ •

કર્મની ઘોડા-ગાંઠો, ખેંચો તેમ વધુ ભીંસે;
આત્માના અજવાળે, સહેજે તૂટતી દીસે.

ગાંધી કૃષિ સંશોધન કેન્દ્ર, ૮ ગોપાલક સોસાયટી, અમદાવાદ-૧૩

અર્પણ

સ્મૃતિ સુવાસ
પુષ્પ : બીજું
જીવનનું ધ્યેય
નિર્ગ્રંથતા

૧૮ ઓક્ટોબર ૧૯૯૧ના રોજ મારાં જીવનસાથી લલિતાબહેને પાર્થીવ દેહ છોડયો. જોત જોતામાં બે વર્ષ વીતી ગયાં ! તેમની સ્મૃતિ સુવાસ સદાય અમારી સાથે છે.

કેન્સર જેવી બીમારીમાં પણ તે સ્વસ્થતાથી જીવ્યાં, કોઈ જ વ્યગ્રતા કે દુઃખ નહીં. પૂરી સમતા. જાણે કેન્સરની ગાંઠે રાગ-દ્વેષ-કર્મની ગાંઠો છોડી નાખી !

જીવનનું ધ્યેય છે નિર્ગ્રંથતા.

આપણે તેને પામીએ.

૧૮-૧૦-૯૩ — નવલભાઈ શાહ

આવકાર

જૈન ધર્મની વિલક્ષણતા એના 'દર્શન-વિશેષ'માં છે. જીવનને જોવાની એક અભિનવ દ્રષ્ટિ જૈનદર્શન આપે છે. એ દર્શનના મુખ્ય બે અંગ છે. અનેકાન્ત અને અહિંસા. વિચારની ભૂમિકાએ 'અનેકાન્ત' અને આચારની ભૂમિકાએ 'અંહિસા'. આ બે વાનાં જૈનદર્શનની દેણ છે. જગતના ઘણા બધા અર્થોનું મૂળ છે : मम सत्यम् જો માનવી સામાન્ય વાતને સમજવા ખુલ્લું મન રાખે, તો કેટલા કલહો શમી જાય ?

આમ તો જૈનદર્શન નિરિશ્વરવાદી છે. પણ એ નાસ્તિકવાદી નથી. કારણ એ સૃષ્ટિના સર્જક 'ઈશ્વર'ની વિભાવનામાં માનતું નથી. પણ દરેક સજીવ 'આત્મા' છે એમ સ્વીકારે છે. આત્મા અને અહિંસા વિષે જૈનદર્શન જેટલી સૂક્ષ્મતામાં જઈ બીજા કોઈ દર્શને ચિંતન કર્યું લાગતું નથી.

જૈનદર્શનનો 'કર્મનો સિદ્ધાંત' ઘણો ગહન છે. બંધનું કારણ કર્મ છે; અને ભયથી કર્મની નિર્જરા થાય છે એમ એ માને છે. तपसा च निर्जरा તપ એટલે દેહ દમન કે ઉપવાસ એવો સ્થૂળ અર્થ પૂરતો નથી. જીવભાવની મૂઢતામાંથી મુક્ત થઈ આત્મભાવમાં સ્થિર થવું એનું નામ તપ.

આવા આત્મભાવમાં સદાકાળ કેમ રહેવાય ? તો કહ્યું છે કે - નિર્ગ્રંથ થઈને. આવી નિર્ગ્રંથ દશાને પામવી એને જૈનદર્શને જીવનનું અંતિમ લક્ષ્ય માન્યું છે. આ વાત શ્રી નવલભાઈએ ખૂબ સુંદર રીતે એમના આ લઘુ નિબંધમાં સમજાવી છે. શ્રી નવલભાઈ જૈનકુળમાં જન્મ્યા છે. એમની મૂળ વૃત્તિ અધ્યાત્મની છે એટલે એમણે જૈનદર્શનને બરાબર પચાવ્યું છે. એમની વિશેષતા એ છે કે તત્ત્વની મૂળવાતને જૂની શાસ્ત્ર પરંપરાની ભાષામાં જ ન નિરૂપતાં આજના વિજ્ઞાનયુગની જરૂરિયાત મુજબ સામાન્યજનને સમજાય એવી આધુનિક પરિભાષામાં એમણે નિરૂપી છે. શ્રી નવલભાઈ ગાંધી વિચારના પણ પ્રવકતા છે. ઊંડાણમાં જઈને તપાસીએ તો ગાંધીજીનું સર્વોદય-દર્શન એ જૈન-દર્શનનો જ વિસ્તાર છે. આધુનિક સંદર્ભમાં જૈન-દર્શનનો વ્યવહાર કેવો હોય એનું આચારમૂલ્ય સ્વરૂપ જો

કોઈએ ખીલવ્યું હોય તો તે ગાંધીજીએ. જીવનભર 'સત્ય અને અહિંસા'ને જીવવા માટેની ગાંધીજીની ઉત્કટતા તીર્થંકરોની કોટિની હતી. ધર્મ કેવળ શાસ્ત્રોમાં કે દેરાસરોમાં પુરાઈ રહે એમાં એની સાર્થકતા નથી. પણ રોજ-બરોજના જીવનમાં અહિંસાને કેવી રીતે આચરી શકાય એનું આધુનિક અને વૈજ્ઞાનિક સ્વરૂપ ગાંધીજીએ એમના જીવન દ્વારા જીવી બતાવ્યું. જીવન ના પ્રત્યેક વ્યવહારમાં અહિંસાને કેવી રીતે આચરી શકાય એની અદ્‌ભુત જીવનરીતિ ગાંધીજીએ પ્રતિપળ અહિંસક જીવન જીવીને આપણી આગળ નિરૂપી છે. કોઈ પણ શ્રેયાર્થી આવું અહિંસક જીવન જીવતાં - જીવતાં અંતિમ મુકામ - નિર્ગ્રંથ દશા સુધી પહોંચી શકે એવું અઘરું નિરૂપણ શ્રી નવલભાઈએ સરળ ભાષામાં કર્યું છે. આ માટે આપણે એમના આભારી છીએ. આ લખાણ તેમણે અમેરિકામાં આપેલા બે પ્રવચનોને આધારે તૈયાર કર્યું છે. ત્યારે આ વાતને એક વૈશ્વિક સંદર્ભ મળ્યો છે. એથી એની ઉપયોગિતા ઘણી વધી જાય છે. શ્રી નવલભાઈ જૈન દર્શનનાં બીજા પાસાં ઉપર પણ ભવિષ્યમાં આવું સાહિત્ય આપણને આપે એવી અભ્યર્થના !

- ગોવિંદભાઈ રાવલ.
વિશ્વ મંગલમ્ - અનેરા.

જીવનનું ધ્યેય નિર્ગ્રંથતા

જીવનના અંતિમ રહસ્યની શોધ માનવ કરતો જ આવ્યો છે. એ શોધ કરતાં કરતાં જે તત્ત્વ પ્રાપ્ત થયું તે દર્શન. દર્શન એટલે તત્ત્વજ્ઞાન. અવતારો કે તીર્થંકરોને આ રહસ્ય સમજાયું ને તેમણે તે જગતને આપ્યું. એ મૂળભૂત તત્ત્વની અનુભૂતિના પાયા ઉપર ધર્મની રચના થઈ. આગળ જતાં એ ધર્મ સમાજગત કરવાની ભાવનાથી વિધિઓ, ક્રિયાકાંડ, ભક્તિ, જપ કે સાધનાના સ્વરૂપો ઘડાયાં. તેમાંથી સંપ્રદાયો બન્યા. દર્શન, ધર્મ કે સંપ્રદાયના મૂળમાં તો સિદ્ધપુરુષોની અનુભૂતિ જ હોય છે. સંપ્રદાય બનતાં સંકુચિતતા આવે એ સ્વાભાવિક છે. કારણ કે સામાન્ય માણસ બાહ્યાચાર અને ક્રિયાકાંડમાંથી ધર્મ કર્યાનો સંતોષ માનતો થઈ જાય છે. જનસમુદાયને માટે વિધિઓ, મંદિર, પ્રતિમાઓ, તેની પૂજા, અર્ચના ઉપયોગી છે. પણ, તે તો માત્ર માર્ગ બતાવે છે. આપણી સ્મૃતિને જાગૃત કરે છે. કોઈ સ્થળે પહોંચવું હોય તો આપણને દિશા આપવામાં આવે છે. ત્યાં પાટિયું જોઈ માણસ થંભી જાય, અને તેને જ છેવટનું સાધ્ય માની તેની પૂજા અર્ચનામાં લાગી જાય, તો સંતોષ મળે પણ તે ત્યાંનો ત્યાંજ રહી જાય. આપણે ધર્મના આચારોનો નહિ, જૈન ધર્મના પાયાનાં તત્ત્વોનો સ્વાધ્યાય કરીશું.

જૈન કુળમાં જન્મેલો માણસ જન્મે જૈન ખરો, પણ જે કોઈ સ્ત્રી કે પુરુષ ઇન્દ્રિયને જીતવા પુરુષાર્થ કરે છે તે જૈન. જૈન બનતાં પહેલાં માણસે જન બનવું જરૂરી છે. જન એટલે માણસ, ખરો માણસ. માણસ પણ પ્રાણી જ છે. બધા પશુઓમાં આહાર, નિંદ્રા, ભય અને મૈથુનની સમાનતા છે. પશુને માનવમાં પાયાનો ફેર એ છે કે માણસ આહાર લેવામાં વિવેક કરે છે. શું ખાવું, કેટલું ખાવું, ક્યારે ખાવું, એનો વિવેક કરે તે માનવ અને ન કરે તે પશુ. એ જ રીતે નિંદ્રા કે મૈથુનનું સમજવું. આ ચાર મૂળભૂત આવેગો છે. ધર્મની પ્રેરણાથી માનવે ધીમે ધીમે વિકાસ સાધ્યો. પશુનો શિકાર કરી જીવતો માણસ પશુને પાળવા લાગ્યો. ગાયની કતલ કરી તેના માંસથી પેટ ભરવાને બદલે તે તેનું દૂધ વાપરતો થયો. આ થયો વિકાસ. એ માર્ગ ભગવાન ઋષભદેવે બતાવ્યો.

મહાવીર ભગવાન ચોવીસમાં તીર્થંકર થયા. તેમના પહેલાં ૨૩ તીર્થંકરો થઈ

ગયા. ભગવાન મહાવીર પહેલાં ૨૫૦ વર્ષ અગાઉ પ્રાશ્વનાથ થયા. તે પહેલાં નેમીનાથ. આદિનાથ ભગવાન, જૈન વિચારના આદિ પુરુષ હતા. તેમણે જગતને ત્રણ કળા શીખવી; અસિ, મસિ અને કૃષિ.

અસિ એટલે ઓજારો, હથિયાર કેમ બનાવવાં ને વાપરવાં તેનું જ્ઞાન. મસિ એટલે શ્યાહી. લખવાની કળા પણ ભગવાન ઋષભદેવે માનવને શીખવી. અને શિકારી અવસ્થામાં જીવતા માનવને ખેતી કેમ કરવી અને પેદા થતાં અનાજ વગેરેથી કેમ જીવવું તે ભગવાન ઋષભદેવે શીખવ્યું.

દક્ષિણ ભારતના વેદ જેવો ગ્રંથ છે તિરુકુરલ, તે ગ્રંથ ભારતના મૂળવતનીઓને મન વેદ જેવો હતો ને આજે પણ છે. એ ગ્રથનો આરંભ જ ભગવાન ઋષભદેવની સ્તુતિથી થાય છે..ટૂંકમાં આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીર થયા. તેનાથી ૨૫૦ વર્ષ પૂર્વે પાશ્વનાથ એને તેમના પહેલાં ૨૨માં તીર્થંકર નેમીનાથ થયા. તેઓ ભગવાન કૃષ્ણના પીતરાઈ ભાઈ હતા. તેમનો કાળ તે ભગવાન કૃષ્ણનો સમય અને તે પહેલાં બીજા ૨૧ તીર્થંકર થઈ ગયા. ભગવાન આદિનાથથી આરંભાયેલી શ્રમણ સભ્યતાની લાંબી પરંપરા છે.

જીવનની જે સમજ વિકસી તે પ્રમાણે તે સૌ જીવ્યા ને જીવનનો માર્ગ માનવ જાતને બતાવ્યો. સંસારરૂપી સમુદ્રને પાર કરવા માટેનો ઘાટ બનાવે તે તીર્થંકર. જીવવાની કળા તીર્થંકરોએ આપી હતી. ભગવાન મહાવીરના દેહત્યાગ પછી લગભગ ૫૦૦ વર્ષે શાસ્ત્રો લખાયાં. એ થયો જૈન ધર્મ.

દરેક ધર્મ જીવનના અંતીમ રહસ્યના પાયા ઉપર રચાય છે. બ્રાહ્મણ ધર્મ કહે આ આખું જગત ઇશ્વરે પેદા કર્યું છે, ઇશ્વર ધારણ પોષણને સંહાર કરે છે. તે દરેકના દેવોની સંકલ્પના બ્રાહ્મણ ધર્મમાં છે. જગતનું સર્જન કરનાર દેવ તે બ્રહ્મા. ધારણને પોષણ કરનાર તે વિષ્ણુ, ને સંહાર કરનાર દેવ તે શંકર. જૈન ધર્મનું અંતીમ ધ્યેય શું તે શ્રીમદ્ રાજચંદ્રે બહુ સરળ ને સચોટ રીતે અપૂર્વ અવસરમાં વર્ણવ્યું છે.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો....

નિર્ગ્રંથ અવસ્થા એ જૈન ધર્મનું અંતીમ ધ્યેય છે. નિર્ગ્રંથતા એટલે ગાંઠ વગરનું જીવન. પ્રત્યેક જીવ ગાંઠ લઈને જન્મે છે. એ ગાંઠોની તીવ્રતા પ્રમાણે તે વર્તાવ કરે છે. ક્રોધની તીવ્ર ગાંઠ જેના ચિત્તમાં પડેલી છે તે નાના પ્રસંગોમાં ગુસ્સે થયા વગર રહેતો

નથી. આ ગ્રંથીઓ, આ પૂર્વગ્રહો એના જીવનનું પ્રેરક બળ બને છે. આપણું ખરું સ્વરૂપ તો આનંદમય છે. તે પ્રત્યેક જીવમાં રહેલી ચેતનાનું સ્વરૂપ છે. પણ એની આસપાસ કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે કષાયોનું આવરણ છે. તેને કારણે જીવ તેના ખરા સ્વરૂપને જાણી શકતો નથી. આત્મા તો છે જ. તે બહારથી આવતો નથી. એટલા માટે જ શ્રીમદે શબ્દ વાપર્યો છે. 'અવસર' અવ + સૃ (સરતિ) જે સરે છે તે. તે દીવો છે. પ્રકાશ હોય પણ બહારના કાચ ઉપર મેશ જામી ગઈ હોય તો દીવાનો પ્રકાશ હોવા છતાં મેશના આવરણને કારણે આપણે પૂરતા પ્રકાશનો અનુભવ કરી શકતા નથી. આ આવરણ માટેનો શબ્દ છે કર્મ-પુદ્‌ગલ. જીવનનું ધ્યેય આ મેશને દૂર કરવાનું છે.

ભગવાન મહાવીરે એક પાયાની વાત કરી. જીવ માત્ર સુખી થવા ઇચ્છે છે. કોઈને પણ દુઃખ ગમતું નથી. સુખ મેળવવા જીવ માત્ર ફાંફા મારે છે. રાત દિવસ દોડાદોડી કરે છે. અનેક યાતનાઓ વેઠે છે. તે એમ જ માને છે કે જો મને આવું ખાવાનું મળે, પહેરવા ઓઢવાનું મળે, આવી ગાડી કે બંગલો મળે, આવાં ઘરેણાં કે કપડાં મળે તો હું સુખી થઇ જાઉં. જીવ માત્ર સુખની પાછળ પડયો છે. એના સ્વરુપને સમજાવતાં જૈન ધર્મે કહ્યું; જગતના એકેએક સુખની સાથે દુઃખ જોડાયેલું છે. ઇન્દ્રિયથી જે સુખ ભોગવાય છે, તેની ત્રણ મર્યાદાઓ છે : (૧) સુખ ભોગવવા માટે ઇન્દ્રિયની શક્તિની જરૂર પડે છે. ઇન્દ્રિયની શક્તિ જો ઘટી જાય તો એની એ જ વસ્તુ એટલું સુખ આપી શકતી નથી. આપણી પ્રત્યેક ઇન્દ્રિય ધીમે ધીમે વૃદ્ધ થતી જાય છે. કાનથી આપણે સાંભળીએ છીએ. ૩૦-૩૫ વર્ષની વય પછી કાન ઓછું સાંભળતા થાય છે. આવું બધી જ ઇન્દ્રિયોનું છે. ઇન્દ્રિયથી ભોગવાતા સુખની પણ મર્યાદા છે. પહેલી વાર ભોગવો ને જે સુખ અનુભવો તે જ વસ્તુ ઉપરા ઉપરી ભોગવો તો ઉત્તરોત્તર સુખનું સંવેદન ઘટતું જાય છે. (ડીમીનીસીંગ રીટર્ન.) ઘટતા વળતરનો સિદ્ધાંત એમાં કામ કરે છે. ઇન્દ્રિયથી ભોગવાતા, અનુભવાતા સુખની આ બે મર્યાદાઓને કારણે એ સુખને સુખનો આભાસ કહ્યો છે.

બીજી મર્યાદા છે સુખ માટે બહારના પદાર્થોની આવશ્યકતા રહે છે. સુખ વસ્તુમાં નથી, પણ પહેલાં જે અનુભવ થયો હોય તેને અનુકુળ એવું સંવેદન તે સુખ અને પ્રતિકૂળ સંવેદન તે દુઃખ. માણસ ભલે ગમે તેટલી મહેનત કરે પણ બધા સમયે તેને જોઇતી સામગ્રી મળતી નથી. એટલે સુખ પાછળની દોટમાં તે દુઃખી થાય છે.

ત્રીજી અને મહત્ત્વની મર્યાદા છે : પ્રત્યેક સુખની સાથે દુઃખ જોડાયેલું છે. એક

માણસને ગળપણ બહુ ભાવે છે. તે ખૂબ ખાંડ ખાય છે. થોડા વખત પછી ડોકટર કહે છે, તેમને ડાયાબીટીસ થયો છે. ખાંડ બંધ કરો નહિ તો તમારી કીડની કામ કરતી અટકી જશે. ગળપણનાં સુખની સાથે ડાયાબીટીસનું દુ:ખ જોડાયેલું છે. એક માણસ ધન એકઠું કરવા ખૂબ દોડાદોડી કરે છે. એને કારણે માનસિક તાણ ઊભી થાય છે. ડોકટર કહે છે, 'તમારું લોહીનું દબાણ વધી ગયું છે.' સંપૂર્ણ બેડ રેસ્ટ લો. (આરામ કરો). પણ ધનની લાલસામાં દોડાદોડી કરતો માણસ પથારીમાં પણ શાંતિથી સૂઇ શકતો નથી. એક માણસને ચરબીવાળા ખોરાક ખૂબ ભાવે છે. આઇસ્ક્રીમ વગેરે ખાવામાં રચ્યો પચ્યો રહે છે. ડોકટર એક દિવસ કહે છે. તમારું કોલોસ્ટ્રોલ વધી ગયું છે, હવે લૂખો ખોરાક ખાવ.

જૈન દર્શન કહે છે, સુખની પાછળ દોડતાં માણસ દુ:ખી જ થાય છે, ને છેવટે થાકે છે. એ સુખ પણ ક્ષણિક છે. જૈન ધર્મ અનંત એવા સુખનો-આનંદનો માર્ગ ચિંધે છે.

સુખ એ તરંગ છે. તે વધે છે ઘટે છે, જ્યારે આનંદ એ આત્માની અવસ્થા છે. એક ક્ષણ માટે પણ જે જીવ એનો અનુભવ કરે છે તેને પછી ઇન્દ્રિયના સુખો ઉપરછલ્લાં લાગે છે. બે માર્ગ છે, એક સુખ-દુ:ખનો અને બીજા આનંદનો.

આનંદ એ આત્માનો સ્વભાવ છે. એક ક્ષણને માટે પણ જેને આનો અનુભવ થાય તે પછી સુખ-દુ:ખની ઝંઝટમાંથી મુક્ત થઇ જાય. આ માર્ગ અંદરની યાત્રાનો છે. એક યાત્રા બહારની છે. તેનું રહસ્ય પણ સમજવા જેવું છે. સૌથી પહેલી વાત છે જીવનનું ધ્યેય સ્પષ્ટ થવું તે. ખરું અને છેવટનું ધ્યેય છે આનંદ, જે આત્માનો સ્વભાવ છે.

આને માટે જૈન ધર્મમાં ત્રણ શબ્દો છે. (૧) સમ્યક દર્શન, (૨) સમ્યક જ્ઞાન, (૩) સમ્યક ચારિત્ર્ય. આને રત્નત્રયી કહેવામાં આવે છે. આ ત્રણ રત્નોની ઉપાસનાથી મોક્ષ માર્ગે આગળ વધી શકાય છે.

સમ્યક દર્શનમાં, પણ, સમ્યક મહત્ત્વનો શબ્દ છે. સાચું યથાર્થ જ્ઞાન. જીવ અજીવ, બંધ મોક્ષનું યથાર્થ જ્ઞાન તે સમ્યક દર્શન.

જેવી માણસની જીવન વિષેની સમજ તેવું તેનું વર્તન. જે જીવ એમ માને કે ખાવા પીવામાં સુખ છે તે જીવ તે પ્રમાણે વર્તે. એટલે જ કહેવાયું છે કે જેવું મન તેવો માણસ. આપણો જીવ અનંતકાળથી યાત્રા કરી રહ્યો છે. જન્મીએ છીએ, મરીએ છીએ. પણ જ્યાં સુધી જીવનના અંતીમ ધ્યેયની સમજ સ્પષ્ટ થઇ નથી ત્યાં સુધી જીવ માત્રની દશા ઘાણીએ ગોળ ગોળ ફરતા બળદ જેવી છે. તીવ્ર ગ્રંથીઓનું પોટલું, લઇને જીવ જન્મ ધારણ કરે છે. આ બહારની ને અંતરની ગાંઠોનો, ગ્રંથીઓના સમૂહમાં જો વધારો થયો

તો ૬૦-૭૦ કે સો વર્ષની જીવન યાત્રા ધ્યેયની દ્રષ્ટિએ નકામી જાય. બહાર કે અંદરની તીવ્ર ગ્રંથીઓમાંથી થોડી પણ ઓછી થાય તો તેટલું જીવન કૃતાર્થ થયું ગણાય.

આનો આરંભ થાય છે; સમ્યક્ દર્શનથી. ખરી સમજથી ખરી દિશાની યાત્રાનો આરંભ છે. સાચી સમજ મળતાં મોં બદલાય છે. એટલે સમ્યક્ દર્શનને સૌથી વધારે મહત્ત્વ અપાય છે. જેને એક વાર સમ્યક્ દર્શન થયું તે મોડો કે વહેલો અંતીમ ધ્યેયે પહોંચ્યા વગર રહેવાનો નથી.

સમ્યક્ દર્શન પછી આવે છે જ્ઞાન. દર્શન એટલે ખરા ખોટાની સાચી માહિતીની પ્રાપ્તિ. પણ, માહિતી મળ્યાથી જ માત્ર સંતોષ માની લઇએ તો યાત્રા આગળ ન ચાલે. એટલે જે દર્શન થયું હોય તે સમ્યક્ જ્ઞાનમાં પરિણમવું જોઇએ. સમ્યક જ્ઞાન એટલે સમજ. અનુભૂતિમાંથી સમજ જન્મે છે. આજ સાચું છે તેની અંતરની પ્રતિતિ. સમજ દ્રઢ થયા પછી માણસ બદલાયા વગર ન રહે. પણ, સમજ એમને એમ પાકી થતી નથી. તેને માટે માણસે પુરુષાર્થ કરવો જોઇએ. જે દર્શન થયું તે પ્રમાણે જેમ જેમ જીવીએ તેમ તેમ અનુભૂતિ થાય. અને ગમે તેવા પ્રલોભનો આવે તો પણ આ જ સાચું છે અને આ માર્ગ જ સાચો છે તેવી સમજ વિસરાય નહિ. આવી પાકી સમજ છેવટે ચારિત્ર્યમાં પરિણમે છે. અને જેનું ચારિત્ર્ય સમ્યક્ થયું તે આત્માને પામ્યા વગર રહેતો નથી. જીવનનાં બધાં કાર્યો કરવા છતાં તેની સ્થિરતા આત્મામાં અડગ રહે છે.

શ્રીમદે ગાયું છે :

આત્મ સ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તે વર્તે દેહ પર્યંત જો.
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો.

ચિત્ત ચંચળ છે. પરદ્રવ્ય, અથવા પુદ્ગલના સંપર્કમાં આવતાં ચિત્તમાં ખળભળાટ ઊભો થાય છે. આ ચંચળતાને કારણે અંદરની ચેતનાનો અનુભવ થઇ શકતો નથી. સરોવરમાં નિર્મળ પાણી હોય તો તળિયાની રેતી કે નીચે પડેલો સીક્કો જોઇ શકાય છે. પણ તે ક્યાં સુધી ? જ્યાં સુધી એ પાણી સ્થિર છે. જેવા તરંગો ઉઠયા કે તરત જ પાણીની નીચે પડેલી વસ્તુ જોઇ શકાતી નથી.

આ ચંચળતાનું નિમિત્ત બને છે ત્રણ યોગ. (યોગ વિશિષ્ટ અર્થમાં વપરાય છે.) મન, વચન અને કર્મ નિમિત્તે જીવ પુદ્ગલોના સંબંધમાં આવે છે. એ પુદ્ગલો નિમિત્તે તરંગો ઊઠે છે. જેને પરિણામે આત્મની સ્થિરતા ડગી જાય છે. એટલે શ્રીમદે ગાયું :

ગમે તેવા દુઃખો યાતનાઓ (ઘોર પરિષહ કે ઉપસર્ગ) આવે, તો પણ આત્માની સ્થિરતા ડગવી ન જોઇએ.

આ આત્મસ્થિરતાની અવસ્થા પ્રાપ્ત કરવી તે છે સાધના. જે જીવ આત્મામાં સ્થિર થયો છે તે આનંદનો અનુભવ કરે છે. આત્મભાવના એક પળના પણ અનુભવથી જેનું જીવન ધન્ય થયું હોય, તે, પછી તેમાંજ રમમાણ રહે છે.

આત્માને ઘેરી વળેલા કષાયો (કામ, ક્રોધ, લોભ અને મોહ) ની તીવ્ર ગ્રંથીઓ ધીમે ધીમે ખરતી જાય છે. આ આવરણ જેમ પાતળું પડતું જાય તેમ વધારે ને વધારે સ્વદશાનો અનુભવ થાય.

શ્રીમદે ગાયું છે :

જે સ્વરુપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત

જીવ અનેક જન્મોમાં, અનંત દુઃખ પામ્યો છે. દુઃખને જ સુખ માની રચ્યો પચ્યો રહ્યો છે. તેનું કારણ છે તે સ્વરુપને સમજ્યો નથી.

સ્વરુપને સમજવું અને સાધના મારફતે સ્વરુપની અવસ્થામાં સ્થિર થવું એ છે જીવનનું અંતિમ ધ્યેય. એ માટેનો આદર્શ છે નિંગ્રથતા. આ ગ્રંથીઓ એટલે કર્મોની ગાંઠો. એ ગાંઠો કેવી રીતે ઉદય પામે છે, કેવી રીતે ફરીથી બંધાય છે, તે કેવી રીતે ઉકલે તેનો સ્વાધ્યાય આપણે આવતી કાલે કરીશું.

જૈન જાગૃતિ કેન્દ્રે મને બોલાવ્યો ને તમારા સૌની સાથે સહ ચિંતનની જે તક આપી તે બદલ આભાર. આ માટે મીનાબેન નિમિત્ત બન્યા તેમનો તથા આપ સૌનો આભાર. ચાલો આપણે આપણું મોં બદલીએ, સાચી દિશાની યાત્રા આરંભીને અનંત એવા આનંદથી ઊભરાતી સ્વદશાને પામીએ.

જૈન જાગૃતિ કેન્દ્ર. ન્યુયોર્ક ૪-૮-૯૩

આપણે જૈન વિચાર પ્રમાણે જીવનનું અંતીમ ધ્યેય શું તેનો વિચાર કર્યો. તે છે નિગ્રંથતા. જગતમાં જે કોઇના પરિચયમાં આપણે આવીએ છીએ તેની સાથેનો વ્યવહાર આ ગાંઠો-પૂર્વગ્રહોને આધારે થાય છે. એક માણસને જોતાં આપણને થાય છે તે હિન્દુ છે, મુસલમાન છે, આ કાળો ગોરો કે ઘઉંવર્ણો છે, તે મારા દેશનો કે પરદેશનો છે, તે સ્ત્રી છે કે પુરુષ છે, મિત્ર છે કે દુશ્મન, આ બધા જ પૂર્વગ્રહોને કારણે આપણે આપણા પરિચયમાં આવનાર બધા પદાર્થો કે જીવોને તેના સાચા સ્વરુપમાં જોઇ શકતા

નથી. તેને પરિણામે આપણા બધાજ વ્યવહારો કોઇ ને કોઇ પૂર્વગ્રહથી રંગાયેલા બની જાય છે. આજનું મનોવિજ્ઞાન પણ આ કહે છે. આવા બધા પ્રકારના પૂર્વગ્રહથી પર (પૂર્વગ્રહનો પરિહાર) એવું સહજ જીવન એજ સાચું જીવન છે. આપણે ક્યાં તો ભૂતકાળમાં થયેલા અનુભવોને વાગોળીએ છીએ યા તો ભવિષ્યની કલ્પનાઓમાં રાચીએ છીએ. વર્તમાનમાં જીવો. આવું જીવન તે જ જીવી શકે કે જેના બધા પૂર્વગ્રહો, ગમા-અણગમા, ઓગળી ગયા હોય. પ્રત્યેક પળે તે વર્તમાનમાં જીવતો હશે. તેમ છતાં તેના ચિત્તમાં એક પણ નવી ગ્રંથીનો ઉમેરો થતો નહિ હોય. આવું જીવન એ જીવન-મુક્તિ. જીવતાં મોક્ષ. રાગદ્વેષથી મુક્તિ. વિતરાગતા. બધા પ્રકારના કષાયો (કામ, ક્રોધ, લોભ, મોહ) ના તીવ્ર આવેગોથી પર એવું જીવન. એની ચર્ચા અને એવા જીવનની સાધના અંગે આપણે કર્મની ચર્ચા કરતાં વિચારીશું.

જૈન ધર્મે જગતને જે અમૂલ્ય ભેટ આપી છે તેનો પ્રથમ વિચાર કરીશું, આ ભેટ છે ત્રણ 'અ' ની. (૧) અહિંસા, (૨) અપરિગ્રહ, (૩) અનેકાંત. જગતના બધા ધર્મોમાં અહિંસાનો સદ્‌ગુણ તરીકે સ્વીકાર થયો છે. જૈન ધર્મે અહિંસાને માત્ર ધર્મ નહિ, પરમ ધર્મ કહ્યો છે. પરમ એટલે શ્રેષ્ઠ. અહિંસાનું જેટલું ઊંડું ખેડાણ અને સંશોધન જૈન ધર્મે કર્યું છે એટલું ભાગ્યે જ કોઇ ધર્મમાં થયું હશે. વનસ્પતિમાં જીવ છે એ શોધ જગદીશચંદ્ર બોઝે કરી. તેમણે પ્રયોગોથી એ સાબીત કર્યું કે વૃક્ષને પણ સંવેદન હોય છે. આ વાત જૈન ચિંતનમાં વર્ષો પહેલાં વિસ્તારથી વર્ણવી છે. પ્રવાહીમાં જળકાય જીવ છે. આગમાં અગ્નિકાય ને વાયુકાય જીવો છે. એટલે જ પાણીને ગાળીને વાપરવાનો આગ્રહ સૌથી વધુ જૈનોમાં જોવા મળે છે. હું મુનિશ્રી સંતબાલજી પાસે ગયો. મારા જીવનનું એ મોટામાં મોટું સદ્‌ભાગ્ય કે લગભગ ૨૪ વર્ષ તેમના સહવાસમાં રહેવાની અને તેની પ્રવૃત્તિમાં જોડાવાની તક મળી. હું ત્યારે યુવાન હતો. તેઓ એક કથરોટમાં કપડાં ધોતા હતા. પાણીનો ફરી ફરીને ઉપયોગ કરતા. જરા પણ પાણી ન બગડે તે રીતે કપડાંની સફાઇ કરતા જોઇ મેં કહ્યું મહારાજ, પાણીનો ક્યાં તોટો છે તે આપ આમ કથરોટમાં જ કપડાં ધુઓ છો ?

તેઓશ્રી હસ્યા. થોડા દિવસ પછી મને કહ્યું, 'પાણીમાં જીવ છે. આપણા જીવનથી જળકાય જીવોને ઓછામાં ઓછું દુઃખ પહોંચે એ રીતે જીવવું, એનો સુક્ષ્મ વિવેક જૈન આચારમાં છે. એ સમજાવતાં કહ્યું, એવી રીતે ચાલવું કે જાણતાં અજાણતાં કોઇ જીવ આપણા પગ નીચે આવી કચડાઇ ન જાય. તેમની સાથે વિહાર કરવાનું થતું. તેઓશ્રી

વાતો કરતા પણ ચાલતાં ચાલતાં તેમની દ્રષ્ટિ તો માર્ગ ઉપર ચાર પાંચ ફૂટ આગળ જ જડાયેલી રહેતી. આવો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચાર જે ધર્મમાં થયો છે તે કૂળમાં જન્મવું એ પણ સદ્‌ભાગ્ય છે.

માણસ જે ઘરમાં જન્મે છે તે ઘરના વાતાવરણમાંથી સંસ્કારો મળે છે. આજે જગતના કોઇ પણ દેશ કરતા સૌથી વધારે પ્રમાણમાં શાકાહારીઓ હોય તો તે ગુજરાતમાં છે. તેનું કારણ છે જૈન અને વૈષ્ણવ સંપ્રદાયનો સંસ્કારવારસો. જૈન કુટુંબમાં જન્મેલા બાળકને જન્મથી જ શાકાહારના સંસ્કાર મળે છે.

એની પાછળ બે વિચાર છે (૧) કરુણાનો અને (૨) જગતની જીવસૃષ્ટિના તંતુને ન હણવાનો.

માણસ જંગલી અવસ્થામાં પશુનો વધ કરી, શિકાર કરી પેટ ભરતો. જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ તે પશુને પાળવા લાગ્યો. તેને સમજાયું કે મારા કોઇ પણ અંગને કોઇ કાપે તે મને ગમતું નથી તે જ રીતે કોઇ પણ પશુની હત્યા કરવામાં આવે ત્યારે તે પશુને પણ ગમે નહિ.

જે મને ગમતું નથી તે હું અન્ય જીવો માટે ન આચરું. એ છે અહિંસાનો વિચાર. જીવ માત્ર માટેની કરુણામાંથી અહિંસાનો જન્મ થયો. પણ જૈન ધર્મ તેથી થોડો આગળ જાય છે. જગતમાં અનંત જીવો છે. વિકાસના ક્રમમાં તે જુદી જુદી અવસ્થાએ છે. ઘાસના પાંદડામાં પણ ચૈતન્ય છે. એ ચૈતન્ય અને ભગવાન મહાવીરના આત્માના ચૈતન્યમાં સમાનતા રહી છે. પાદડામાંના ચૈતન્યમાં પણ મહાવીરની ચેતના જેવી જ શક્તિ નિહિત પડી છે. એ પાંદડામાંનું ચૈતન્ય ધીમે ધીમે વિકસશે, એકેન્દ્રિયમાંથી બે ને આગળ જતાં ત્રણ, ચાર ને પાંચ ઇન્દ્રિયવાળો જીવ થશે. એ જ વિકાસક્રમમાં આગળ વધતાં તે માનવ જીવન પ્રાપ્ત કરશે. જગતના જીવ માત્રમાં રહેલી ચેતનાનું આ સ્વરુપ અહિંસાનો પાયો છે. એટલે જીવોને હણો નહિ, એટલું જ નહિ તેનું મન પણ ન દુભાય એવું વર્તન કરો.

ડાર્વીન નામનો એક મોટો જીવશાસ્ત્રી થઇ ગયો. અનેક જીવોના વર્તનનો અભ્યાસ કરી તેણે સિદ્ધાંત તારવ્યો : મોટો જીવ નાના જીવને મારીને જીવે છે. મોટી માછલી અનેક નાની માછલીઓને ઓહિયાં કરી જાય છે.

તેમનું આ નિરીક્ષણ થોડું ઉપરછલ્લું છે. મોટું કદ કે ભૌતિક તાકાતમાં જે મોટો તે મોટો નહિ. પણ જૈન ધર્મનું સૂત્ર કહે છે.

પરસ્પરોપગ્રહો જીવાનામ્

જીવન એક બીજાના અનુગ્રહમાં છે.

જીવ સાથેના પરસ્પર વર્તનની ત્રણ ભૂમિકા છે :

જીવને મારીને જીવો... એક ભૂમિકા.

જીવો અને જીવવા દો... બીજી ભૂમિકા.

જીવાડીને જીવો... એ ત્રીજી ભૂમિકા.

તમે એવું જીવો કે જેને પરિણામે અન્ય જીવો પણ જીવી શકે, વિકસી શકે. આ અહિંસક જીવનનો આદર્શ છે. એના સુક્ષ્મ ચિંતનમાંથી અહિંસક આચારોની વિચારણા થઇ છે.

માત્ર પશુનો સીધો વધ જ હિંસા નથી. અહિંસાનો ઉપાસક જીવનમાં ઊંડો ઉતરશે. ઓછામાં ઓછી હિંસા થાય એવી વસ્તુઓ વાપરશે. એક દાખલો લઇએ. આપણે જે દૂધ પીએ છીએ તે ઉત્પન્ન કરવા, વાછરડાંને જન્મતાં જ તેની માતાથી અલગ કરી દેવામાં આવે છે, તાજાં જન્મેલાં વાછરડાંને ઉકળતા પાણીમાં બોળી તેની કૂણી ચામડી મુલાયમ ચામડાં માટે ઉતારી લેવામાં આવે છે. સારું દુધ આપતી ગાય વેતરે ઠરાવેલું દૂધ આપતી બંધ થાય કે તરત જ તેને કતલખાને મોકલી આપવામાં આવે છે. આ બધી જ આંખે જોઇ ન શકાય એવી આડકતરી હિંસા છે.

ઘણી બધી વસ્તુઓના ઉત્પાદનમાં પારાવાર હિંસા છે. શાકભાજી કે ફળ પેદા કરવા માટે જંતુનાશક દવાઓ છંટાય છે. એક જ છંટકાવમાં કોટાનુંકોટી જીવની હત્યા થાય છે. અહિંસાનો ઉપાસક જે કાંઇ વાપરશે કે ઉત્પન્ન કરશે તેમાં કેટલી ને કયા પ્રકારની હિંસા થાય તેનું સુક્ષ્મ ચિંતન કરશે.

કોઇ પણ જીવને ન મારવા એટલું જ અહિંસાનું તાત્પર્ય નથી. અહિંસા પ્રેમનો પર્યાય છે. જે પ્રેમ કરે છે તે કોઇ પણ જીવને દુઃખ પહોંચાડી ન શકે તો હણવાની તો વાત જ ક્યાં રહી ? જીવાડીને જીવો એ હકારાત્મક અહિંસા છે. અહિંસક જીવન વિકસાવવાની આ ચાવી છે.

સચરાચર જગત અનંત જીવોથી ઉભરાય છે. એ જીવન ચક્રનો જો આપણે હાથે નાશ થાય તો જીવન જ ટકી ન શકે. દા.ત. માણસ સ્વાર્થથી પ્રેરાઇને પૃથ્વી પરનાં બધાં વૃક્ષોને કાપી નાખે, તો તેની હિંસાનું એ કૃત્ય બુમરેંગ થઇને પાછું તેને જ વાગે છે. વૃક્ષો જગતની જીવસૃષ્ટિમાં અંગારવાયુની સમતુલા સાચવે છે. વૃક્ષોનો વિનાશ, અંગાર

વાયુનો વધારો કરે. અને તેને પરિણામે આપણી પૃથ્વી પરનું જીવન ભયમાં મુકાય. પૃથ્વીના વાતાવરણનું ઉષ્ણતામાન થોડું વધતાં ધ્રુવના બરફના ડુંગરો ઓગળે ને સમુદ્રની સપાટી ઊંચી વધતાં દરિયાકાંઠાનો મોટાં નગરો પાણીમાં ડૂબી જાય. એજ અંગારવાયુને કારણે ઓઝોન નામના વાયુની પૃથ્વીને રક્ષતી ગોદડી પાંખી પડી જાય ને જીવમાત્રને નાશ તરફ ધકેલે એવાં સૂર્ય કિરણો પૃથ્વી પર ધસી આવે.

એટલે જ જો માનવે જીવવું હોય તો તે એકલો જીવી નહિ શકે. તેણે સકળ જીવસૃષ્ટિનું જતન થાય, એ રીતે જીવવું જોઇએ. આ છે અહિંસાની હકારાત્મક ઉપાસના... આવી અહિંસક જીવન સાધના જ જીવસૃષ્ટિને રક્ષી શકે.

અહિંસાની સાથે જોડાયેલો બીજો આદર્શ છે અપરિગ્રહનો. અપરિગ્રહ અને અહિંસા એક સિક્કાની બે બાજુ જેવાં છે. જે વધારે પડતો પરિગ્રહી છે તે અહિંસક હોઇ શકે નહી. અને જે અહિંસાને માર્ગે સમજપૂર્વક જીવે છે તેના જીવનમાં અપરિગ્રહ, ઓછીવસ્તુથી ઉત્તમ જીવવાની કળા સહજ રીતે આવ્યા વગર રહે નહિ.

આજે તો આખું જગત ભોગવાદમાં ગળાડૂબ ડુબેલું છે. ભોગની વૃત્તિ તેને વધારે ને વધારે સગવડનાં સાધનો પેદા કરવા ને એકઠાં કરવા પ્રેરે છે. જીવનની જરૂરિયાતો વધતી જ જાય છે. પણ હવે માનવને સમજાવા લાગ્યું છે કે જગતનાં ભોગ માટેનાં સાધનો મર્યાદિત છે. પૃથ્વીના પેટાળમાનું પેટ્રોલ ૩૫-૪૦ વર્ષથી વધુ ચાલે એવું નથી. મીઠા પાણીની વિશ્વભરમાં ખોટ વરતાવા લાગી છે. અરે, યુ.એસ.એ. કે જેમાં અપાર મીઠું પાણી છે એમ મનાતું ત્યાં પણ મીઠા પાણીની ખેંચ ઊભી થઇ છે, તે એટલે સુધી કે વપરાએલું ગટરનું પાણી એકઠું કરી - શુદ્ધ કરી રિસાઇકલ કરી ફરીથી ના'વા અને પીવાના ઉપયોગમાં લેવાતા પ્લાંટ શરૂ થઇ ગયા છે. વોશીંગ્ટન પાસેનો એવો મોટો પ્લાંટ જોવાનું સદ્‌ભાગ્ય સાંપડયું. અછતના દિવસોમાં આ રીતે કુલ વપરાશના ૮૦-૮૫ ટકા જેટલું આ રીતે શુદ્ધ કરેલું પાણી વપરાય છે. તાંબા જેવી અનેક ધાતુઓ ખોદવી હવે પોષાય એવી રહી નથી. માણસની અતિભોગની વૃત્તિ છેલ્લાં ૩૦૦ વર્ષની ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે વકરી. બધું જ ખૂટવા લાગ્યું છે. ચોકખી હવા ને ચોકખું પાણી પણ દુર્લભ થતું જાય છે. એટલે જ જો જગતના જીવનચક્રને ટકવા દેવું હોય તો વપરાશને મર્યાદિત કર્યા વગર છૂટકો નથી. આ અપરિગ્રહનું રહસ્ય છે. અપરિગ્રહ એટલે જીવનને કરમાવી નાખવું તે નહિ પણ જેટલી ઓછી વસ્તુઓથી જીવી શકાય તેટલી વસ્તુથી ઉત્તમ રીતે જીવવું.

'જરૂરિયાત'માં મૂળ શબ્દ છે જરૂર. કોઇ પણ વસ્તુ ખરીદતાં પહેલાં કે નાખી દેતાં પહેલાં તમારી જાતને પ્રશ્ન પૂછો : શું આ વસ્તુ ખરીદ્યા વગર નહિ ચાલે ? જગતમાં વસ્તુનું જે જથ્થામાં સર્જન થાય તેથી વધારે વાપરીએ તો તે ખૂટી જાય, અને કુદરતનો ક્રમ ખોરવાઇ જાય. એટલે દરેક વસ્તુને વિચારીને વાપરવી એ છે અપરિગ્રહ. એ છે અહિંસા.

પરિગ્રહ શબ્દનો એક વિશિષ્ટ અર્થ છે : ગ્રહ એટલે ઘેરાઈ જવું તે. જગતના બધા જ જડ પદાર્થો પરદ્રવ્ય છે, એવું જૈન દર્શન કહે છે. સોનું, ચાંદી, કપડાં લત્તાં હવા-પાણી તો પર દ્રવ્ય છે જ પણ આપણને મળેલું શરીર પણ પરદ્રવ્ય છે. આત્મા એનાથી ઘેરાયેલો છે. જૈન શાસ્ત્રમાં પરિગ્રહને મૂર્છા કહી છે. 'પરિગ્રહો મુચ્છા.' સાચા સ્વરુપનું વિસ્મરણ એ મૂર્છા છે. જેમ જેમ પરિગ્રહ વધે તેમ તેમ આપણામાં રહેલ ચૈતન્યની આસપાસ પરદ્રવ્યનું આવરણ વધતું જ જાય. અથવા જેમ જેમ વિસ્મરણ એટલે મૂર્છા વધતી જાય તેમ તેમ આપણો આત્મા પરદ્રવ્યથી વધારે ને વધારે ઘેરાતો જાય.

એટલે આત્મસાધના અને જગતના સંતુલિત સંચાલનની દ્રષ્ટિએ અપરિગ્રહ જીવનની કળા છે. જગતમાં મુખ્ય બે તત્ત્વો છે એક ચૈતન્ય, શુદ્ધ આત્મ તત્ત્વ. અને બીજુ છે, અજીવ એટલે પદાર્થો. વિજ્ઞાનમાં એ માટેનો શબ્દ છે મેટર. આ બંનેના ગુણ ધર્મો અલગ છે. બધા જ ભૌતિક પદાર્થો સડે છે અને પરિવર્તન પામે છે. આત્મતત્વ શુદ્ધ છે. તે નથી સડતું, નથી પરિવર્તન પામતું, નથી નાશ પામતું. શુદ્ધ ચૈતન્ય સિવાયના બધા જ પદાર્થોને પરદ્રવ્ય કહેવામાં આવે છે. આ સંસારને કાળો કોલસો કે દેહને મળમૂત્રની ખાણ કહીને તિરસ્કારવાની વાત નથી. ઓછામાં ઓછી વસ્તુ વાપરી જીવવાથી જીવનનો ઘણો બોજો, ઘણી ઝંઝટ ઓછી થાય છે. એક વસ્તુ સમજવા જેવી છે. આપણે વસ્તુને છોડવા મથીએ ત્યારે તે વધારે વળગતી જાય છે. વસ્તુને છોડવાની નથી પણ તે સહજ રીતે છૂટી જાય એવી સમજ કેળવાવી જોઇએ. જીવન અને જીવનના અંતિમ સત્ય અંગેની સમજ જેમ વિકસતી જાય તેમ પરિગ્રહ આપોઆપ ખરતો જાય.

મહાવીરના જીવનની એક ઘટના સમજવા જેવી છે. વર્ધમાન રાજાના પુત્ર હતા. અપાર ઐશ્વર્ય હતું. તેણે પરિવ્રજ્યા લીધી. શરીર ઉપર માત્ર એક જ વસ્ત્ર સાથે રાજ પાટ બધું છોડી આત્માને પામવાને ચાલી નીકળ્યા. તેઓ બહાર નીકળે છે ત્યાં જ એક ભિક્ષુક તેમની પાસે આવીને ધનની યાચના કરે છે. ભગવાન, આપની પાસેથી કાંઇક મેળવવાની આશાથી ઘણા દૂરથી આવું છું.

વર્ધમાને રાજપાટ છોડયું હતું. તે અકિંચન હતા. ત્યાં જ વિચાર આવ્યો કે આ શરીર ઉપર મોંઘું વસ્ત્ર છે તેમાંથી અડધું આપી દઉં તો તેનું દુઃખ દૂર થાય. તેઓ ભિક્ષુકને શોધવા ગયા નો'તા. ભિક્ષુક સામે આવીને ઊભો રહ્યો. અડધું ઉપવસ્ત્ર અપાઇ ગયું. આગળ ચાલી નીકળે છે. જંગલમાં એક કાંટાવાળા વૃક્ષમાં તેમનું ઉપવસ્ત્ર ભરાય છે. વર્ધમાન વિચારે છે કે જો સહજ રીતે વસ્ત્ર કાંટામાં ભરાયું હોય તો તેને શા માટે પકડી રાખવું. વસ્ત્ર છૂટી જાય છે. મહાવીરે વસ્ત્ર છોડયાં નહતાં, તે આપોઆપ છૂટી ગયાં હતાં ? વૃક્ષ ઉપર લીલું પાન હોય છે. ધીમે ધીમે તે પકવ થઇ ખરી પડે છે. સમજની પરિપકવતાને કારણે પરદ્રવ્ય માટેનું મમત્વ ઘટતાં તે વસ્તુ જીવનમાંથી સરી જાય છે, છૂટી જાય છે.

ગાંધીજીના જીવનમાં આવી જ ઘટના બને છે. બિહારની બહેનો પાસે અંગ ઢાંકવા પૂરતાં કપડાં નથી એ જાણી ગાંધીજીનો આત્મા એક ધક્કો અનુભવે છે. એક બહેનને અંગ ઢાંકવા કપડાં ન મળતાં હોય ત્યારે આવી મોટી કાઠિયાવાડી પાઘડી, લાંબો અંગરખો અને લાંબુ ધોતિયું પહેરવાનો મને શો અધિકાર ? એ છૂટી જાય છે. ગાંધી ત્યારથી કચ્છ પહેરવાનું શરૂ કરે છે. આ સહજ ત્યાગ છે.

જગતનાં અનેક યુદ્ધો ને દુઃખોના મૂળમાં પણ વધારે પરિગ્રહ છે. એક દેશ પરિગ્રહને ટકાવવા બીજા દેશ પર બોમ વર્ષા કરે છે, તે જેમ હિંસા છે તે જ રીતે બીજા માણસ કરતાં અનેકગણું સંઘરવા ને વાપરવામાં પણ હિંસા છે. જેની પાસે નથી તેના ચિત્તમાં દ્વેષ જન્મે છે. બંને વ્યક્તિના જીવનધોરણમાં ભેદ વધતો જાય અને તેમાંથી હિંસા વકરે છે. અસમાનતામાંથી હતાશા ને આતંકવાદ જન્મે છે. જેના જીવનની જરૂરિયાતો મર્યાદિત થઇ ગઇ છે તેના ચરણમાં સૌ માથું નમાવે છે. તેની કોઇ અદેખાઇ કરતું નથી. અદેખાઇ તો સત્તા ને ધનમાં આળોટનારની થાય. તેનું જીવવું જ પ્રેમનો સંદેશ બની જાય છે. એ માટે અંતર તરફ વળવું જોઇએ. બહારના પર પદાર્થો માટે તો આ જીવે અનંત યાત્રા કરી. અનેક જન્મો લીધા. બહારની યાત્રા કરતાં ઘણી સુક્ષ્મ અને વિશાળ છે, અંદરની યાત્રા.

અંતરની યાત્રાથી નવા જીવનનો, સાચા જીવનનો પ્રારંભ થાય છે. જેટલી બહારની દુનિયા મોટી છે તેથી વિશાળ અંદરની દુનિયા છે. તેનું સૂક્ષ્મ નિરીક્ષણ કરો. નાના મોટા એકએક વર્તનને અહિંસા અને અપરિગ્રહની કસોટીએ ચકાસો. આપણું નાનામાં નાનું વર્તન અનેક આઘાત પ્રત્યાઘાતો જન્માવે છે. વર્ષો પહેલાં એક વાર્તા

વાંચી હતી.

ફ્રાંસના પાટનગરની આ ઘટના છે. શહેરથી થોડે દૂર સુંદર બેઠા ઘાટના કલાત્મક બંગલાઓ હતા. બંગલાઓની ચારે બાજુએ કલાત્મક બગીચા હતા. બગીચામાં રંગબેરંગી ફૂલો ખીલ્યાં હતાં. સાંજના પાંચેક વાગ્યાનો સમય. શાળામાં ભણતાં બાળકોનો નિશાળેથી ઘેર આવવાનો સમય છે. ઓફિસમાંથી કર્મચારીઓનો પણ ઘેર પાછા ફરવાનો સમય. આખો દિવસ શાંતિમાં આળોટતું પરાં વિસ્તારનું જીવન આળસ મરડી જાણે જાગતું થવા ન લાગ્યું હોય !

એક આધેડ વયનો માણસ લેનમાં પ્રવેશ કરે છે. રસ્તાની બાજુ પરની પાકી પગથી પર કાંઇક વિચારમાં ખોવાયેલો તે ચાલ્યો જાય છે. બંગલા નંબર ૨૮ પાસેથી તે પસાર થાય છે. ત્યાં જ પાછળથી આવી એક કૂતરો તેને પગે બચકું ભરી પાછો બંગલામાં ઘુસી જાય છે. તે થંભી જાય છે. તે દેશમાં કૂતરાં રખડતાં રખાતાં નથી. એજ રીતે પાળેલું કૂતરું કોઇને કરડે તો તેની જવાબદારી કૂતરાના માલિકની ગણાય છે. એ રાહદારી થંભ્યો. બંગલાનો નંબર નોંધી લીધો. તાત્કાલિક દવાખાને જઇ સારવાર લીધી. બીજે દિવસે તેણે કોર્ટમાં કેસ દાખલ કર્યો.

કૂતરો ૨૮ નંબરના બંગલામાંથી આવ્યો હતો ને એ જ બંગલામાં પાછો ગયો હતો. કરડવાથી પગની પીંડીમાં ચાર દાંત ઘૂસી ગયા હતા. તેણે જરૂરી ઇન્જીકશનો પણ લીધાં હતાં. કૂતરો જુલીને નામે હતો.

ન્યાયાધીશે જુબાની માટે જુલીને બોલાવી.

આ કૂતરો તમારો હતો ?

હા.

એ કૂતરો રસ્તે જતા રાહદારીને કરડયો તે ગુનો કબૂલ છે ?

'સાહેબ, મારો કૂતરો મેં અતિ પ્રેમથી પાળ્યો છે. અમારા ઘરમાં સૌને અને ખાસ કરીને મારા દીકરાને તે અતિ વહાલો છે. મારો કૂતરો કદિ કોઇને કરડયો નથી. તેને કરડવા માટેનું કોઇ કારણ હોવું જ જોઇએ.

'તે સમજાવો' ન્યાયમૂર્તિએ કહ્યું.

'સાહેબ, મારે દીકરો બીલી સાંજે શાળાએથી ઘેર આવ્યો. આવતાં ની સાથે તે મને ભેટી પડે છે. પણ તે દિવસે તે નિશાળેથી આવીને જેવો ભેટયો કે તરત જ મેં એને ધકેલી મૂક્યો. હું અકળાયેલી હતી.

બીલી મોં ચઢાવી રસોડાની બહાર નીકળી ગયો. મારો કૂતરો તેના આવવાની રાહ જ જોતો હતો. બીલી ઘરમાં આવે કે તરત જ કુતરો તેની સાથે રમે. પગ ઉંચા કરી મોં ચાટવા પ્રયત્ન કરે. પણ જેવો બીલી બહાર ગયો કે તરત જ કૂતરાની ચીસ સંભળાઇ. હું દોડી ગઇ તો બીલીના હાથમાં તેની રમવાની હોકીની લાકડી હતી. તે તેણે કૂતરાને ફટકારી હશે.

ન્યાયમૂર્તિએ બીલીને બોલાવ્યો. પૂછ્યું. તેં કૂતરાને કેમ માર્યો ?

સાહેબ આ કૂતરો મને ઘણો વહાલો છે. હું ઘરમાં આવું કે તરત જ મારી સાથે રમ્યા વગર ન રહે. પણ આજે હું ઘરમાં આવ્યો કે તરત જ મારી મા મારી સાથે ગુસ્સે થઇ. મને ઘણું લાગી આવ્યું. હું બહાર ગયો કે તરત એની રોજની આદત પ્રમાણે કુતરો મારી પાસે દોડી આવ્યો. પણ મારાથી ગુસ્સામાં તેને લાકડી મરાઇ ગઇ. તે દોડયો. ને થોડી જ વારમાં મેં અવાજ સાંભળ્યો. તે રસ્તે ચાલતા કોઇ રાહદારીને કરડ્યો હતો.

ન્યાયધીશ વિચારમાં પડયા. કૂતરો કરડયો કારણ કે તેને બીલીએ લાકડી મારી. બીલીએ લાકડી મારી કારણ કે તેને તેની માએ તિરસ્કાર્યો. એટલે ન્યાયાધીશે બીલીની માને કહ્યું, 'આ કૂતરો કરડવા માટે તમે દોષિત છો.'

'બીલીની માએ કહ્યું, 'હું મારા એકના એક દીકરાને ઘણો ચાહું છું. પણ તે દિવસે મારા પતિએ ઘરમાં આવતાં જ એવું વર્તન કર્યું કે હું અકળાઇ ગઇ.'

'જોન, મને ચાહે છે. તે પ્રેમાળ પતિ છે. તે ઓફિસેથી આવતાંની સાથે મને આલીંગે છે. અમે સાથે કોફી પીએ છીએ. પણ આજે ઘરમાં પહોંચતાં જ તે ગુસ્સે થઇ ગયો. ચા પીધા વગર તેમના ઓરડામાં ઘુસી ગયા. હું ધુંધવાયેલી હતી. ત્યાં જ બીલી આવ્યો. મારો રોષ તેના પર ઉતર્યો. સાહેબ !

ન્યાયાધીશે જોનને બોલાવ્યો. આવું વર્તવાનું કારણ પૂછ્યું.

'સાહેબ, મારા બોસ ઘણા સારા સદ્‌ગૃહસ્થ છે. તેમને મારા કામથી પૂરો સંતોષ છે. મારા પર ખૂબ શ્રદ્ધા છે. અગત્યનાં કામ મને સોંપે છે. પણ આજે કોણ જાણે કશી જ ભૂલ વગર મારો ઉધડો લીધો. મારી સાથે ગમે તેમ વર્ત્યા. અકળાયેલો હું ઘેર આવ્યો. મારી એ ખીજ જુલી તરફ વળી.

'ઓહ, એમ છે ? તમારા બોસનું નામ શું ?

'સ્ટુઅર્ટ, તે સ્માર્ટ કંપનીમાં મેનેજર છે.

'ન્યાયાધીશે સ્ટુઅર્ટને બોલાવ્યો ને કહ્યું, 'તમને કૂતરો કરડયો છે તે હકીકત છે.

તે માટે હું તમને જ જવાબદાર ગણું છું. અને તમારો સો ફ્રાંક દંડ કરું છું.

આ કથા એક મહત્ત્વની વાત કહી જાય છે. એક ઠેકાણે આચરેલી નાની હિંસા અનેક ઠેકાણે આઘાત પ્રત્યાઘાતો જગાડે છે. તેની સાંકળ બને છે. વાણીની નાની હિંસા મોટી હિંસામાં પરિણમે છે. આનું આબેહુબ આલેખન કરતી ટોલસ્ટોયે એક સુંદર વાર્તા લખી છે. તેનું નામ છે તણખામાંથી ભડકો.

બે કુટુંબ પેઢીઓથી સાથે રહે છે. બંને વચ્ચે અપાર સ્નેહ છે. એક ઘેર સારું ખાવાનું બનાવ્યું હોય તો બીજા ઘેર આપી આવે ત્યારે જ ચેન પડે.

બંને કુટુંબો મરઘીઓ પાળે છે. એક દિવસ 'અ'ની મરઘી 'બ'ના વાડામાં ઈંડુ મૂકી આવી. 'બ' એ તે વાપરી નાખ્યું. બસ તકરારનો આરંભ થયો. તેં જ મરઘીને ફસાવી મારું ઈંડું ચોરી લીધું છે. અને પછી તો સામસામા આક્ષેપો પર આક્ષેપો. અને જે બે કુટુંબો એક જેવાં હતાં તે જાણે પેઢીઓનાં દુશ્મન હોય તેમ વર્તવા લાગ્યાં. નાના તણખામાંથી આગનો ભડકો ઉઠયો.

નાનામાં નાની હિંસાનો ગુણાકાર થાય છે. એટલે જો અહિંસક સમાજ રચવો હોય તો નાના મોટાં કામોમાં, વાણી કે વિચારથી નાની હિંસા ન થાય તેની કાળજી રાખવી જોઇએ. એવો સાધક કોઇનું પણ દિલ ન દુભાય તે રીતે વર્તે. આમ છતાં જીવનમાં નાના મોટા પ્રસંગો બનવાના. ત્યારે અહિંસાનો ઉપાસક જેનું દિલ જરા સરખું પણ દુભાયું હોય તેની પાસે પહોંચી થયેલા વર્તાવ બદલ ક્ષમા માગી હળવો થાય. એટલે જ પર્યુષણ પર્વને અંતે જાણતાં અજાણતાં કોઇ પણ દુઃખ થયું હોય તેની ક્ષમા માગવાનો રિવાજ છે. ક્ષમા માંગવાથી હિંસાની આગળ વધતી પ્રક્રિયા થંભી જાય છે ને પ્રેમની, સરળતાની, ઉદારતાની સાંકળ સર્જાય છે. એટલે જ ક્ષમાને વીરના ભૂષણ તરીકે ઓળખવામાં આવે છે.

સ્થૂળ હિંસાના જેવી જ ખતરનાક હિંસા છે વિચારની. આપણો અનુભવ છે કે જો કોઇ વ્યક્તિનો વિચાર આપણને ન ગમે તો તે આપણે સાંખી શકતા નથી. જૈનદર્શને જગતને વિચારવાની વિશિષ્ટ દ્રષ્ટિ આપી. કોઇપણ વ્યક્તિ ખોટો નથી. જે કાંઇ ભૂલ કે દોષ છે તે તેની દ્રષ્ટિનો છે. એને એની દ્રષ્ટિથી સમજવાનો પ્રયત્ન કરો. દોષ વ્યક્તિનો જોઇએ તો તેના પ્રત્યે દ્વેષ જન્મે, એમાંથી ઉગરવાની ચાવી છે : અનેકાંતવાદ અથવા સ્યાદવાદ.

એકની એક વસ્તુ એક દ્રષ્ટિએ ખોટી હોય તો બીજી દ્રષ્ટિએ તો સાચી હોઈ શકે.

એનો દાખલો ટાંકતો પ્રસંગ છે : સાત આંધળા અને હાથીનો. એક જણ હાથીના પગને અડીને કહે છે કે હાથી થાંભલા જેવો છે. તો બીજાએ સૂંઢને પકડે છે તે જોરથી બૂમ પાડે છે. હાથી થાંભલા જેવો નહિ પણ અજગર જેવો છે. તો ત્રીજા અંધના હાથમાં હાથીનો કાન આવ્યો છે. તે કહે છે : શું નાખી દેવા જેવી વાત કરો છો, 'હાથી તો સુપડા જેવો છે.' બધા બાંયો ચઢાવી લડવા લાગી જાય છે. બધા જ સાચા છે ને બધાજ ખોટા છે. એવું જ આપણા જીવનનું છે. સામાને સમજવા પ્રયત્ન કરો, તેને તેની દ્રષ્ટિએ જોશો તો તેની વાતમાં તથ્ય લાગશે. આ છે વિચારની અહિંસા. એકેએક ઘટના કે વર્તનને આપણે આ કસોટીએ કસી શકીએ. આ જેને સમજાયું તે કોઇ પર ગુસ્સે નહિ થાય. કોઇ પ્રત્યે અતિરાગમાં પણ નહિ તણાય. વિચારની અહિંસામાંથી વિતરાગતા જન્મે છે.

જગતના મોટાભાગની હિંસા, ઘોર યુદ્ધો અને કાંત દ્રષ્ટિને પરિણામે જ થયાં છે. ધર્મનો જન્મ થયો માનવના કલ્યાણ માટે. પણ એ જ ધર્મ ઓથે કેવાં ભીષણ ધર્મયુદ્ધો લડાયાં ? ખ્રિસ્તી ધર્મ પાળનારે મુસલમાનોને હણ્યા. તો મુસલમાનોએ ખ્રિસ્તીઓને ભુંજી નાખ્યા. આ યુદ્ધો, આ હિંસા પણ ધર્મયુદ્ધ બની ગયાં ! એજ રીતે એક જ ધર્મ એક જ પ્રભુને માનનાર કેથોલિક અને પોટેસ્ટંટ અંદર અંદર કેવા લડયાં ? કેવી હિંસા થઇ ? આના મૂળમાં હતી વિચારની અસહિષ્ણુતા. મારી દ્રષ્ટિ જ સાચી ને સામાની ખોટી. સ્પાદવાદ જીવનની એવી ચાવી છે કે જે બધાને સમજવાની કળા શીખવે છે. આ જ સિદ્ધાંતને આગળ જતાં આઇન્સ્ટાઇને વૈજ્ઞાનિક ઘટનાઓમાં વિકસાવ્યો. અને 'સાપેક્ષવાદ' - થીયરી ઓફ રીલેટીવીટીનું જ્ઞાન જગતને આપ્યું. કશું જ એકાંતિક નથી; બધું જ સાપેક્ષ છે.

જૈન દર્શન કહે છે : કોઇ ધર્મ કે વિચાર એકાંતીક સાચો કે ખોટો નથી. એ વિચારની પાછળની દ્રષ્ટિ જો સમજીએ તો કડવાશ ઓસરી જાય.

વહેવારમાં અપરિગ્રહ એટલે જેટલી ચીજવસ્તુ ચાલે તેટલી વસ્તુથી જીવનને ટકાવવું અને વિચારમાં અનેકાંત, સામાની દ્રષ્ટિને સમજવાની તાલાવેલી. તેમાં વિશ્વની શાંતિ ને સુખનો માર્ગ છે. એ માર્ગે જગત ચાલે તો જગતની મોટાભાગની અથડામણો યુદ્ધો અને દુઃખ ઓછાં થાય. જગત વધારે ચેનથી જીવવા લાયક બને. ત્રણે 'અ' અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતને વિચાર પૂર્વક સેવે તે ખરો જૈન.

અહિંસાની જેમ જૈનદર્શને કર્મના સિદ્ધાંતોનું ખૂબ ઉંડાણથી ખેડાણ કર્યું છે. કર્મનો ઉદય, ઉપભોગ અને ફરી પાછો બંધ કેમ ક્યારે ને કેવી રીતે થાય છે તેનું ગહન ચિંતન

થયું છે. આમ કર્મના ઉદય અને બંધનો અસ્ખલિત અને અનંત પ્રવાહ તે છે જીવન. જીવનની એક પણ પળ એવી નથી કે જ્યારે પહેલાં કરેલું કોઇ ને કોઇ કર્મ ઉદય પામતું ન હોય. એટલા માટે જ અપૂર્વ અવસરમાં શ્રીમદે સાધકે કેવી રીતે વિચરવું તે સમજાવ્યું છે :

વિચરવું ઉદયાધીન, પણ વીત લોભ જો.

આપણું સમગ્ર વર્તમાન કર્મના ઉદયને આધીન છે. આપણે ભલે એમ માનીએ કે મેં પુરુષાર્થ કર્યો, હું આટલું કમાયો, આટલી પ્રતિષ્ઠા મેળવી, આટલી ગાડી ને બંગલા વસાવ્યા, પણ આવું માનવું ભ્રમ છે. વર્તમાનમાં આપણને જે મળે છે અને આપણે ભોગવીએ છીએ તે પૂર્વે કરેલાં કર્મોની ફસલ છે. કર્મોનો કાળ પાકતાં તે ઉદય પામે છે. એટલે વર્તમાનમાં જે કાંઇ સુખ- દુઃખ પ્રાપ્ત થાય છે તે પૂર્વે કરેલાં કર્મોના ઉદયનું જ પરિણામ છે. આવા ભાવથી જોનાર અને સમજનાર અહંકાર અને મમત્વથી ઉપર ઉઠી જાય છે. તે સરળને નમ્ર બને છે.

જૈન વિચાર પ્રમાણે કર્મ પણ પુદ્ગલ છે. (જડ પરમાણુઓ) અને મનને પણ પુદ્ગલ માનવામાં આવ્યું છે. આજનું વિજ્ઞાન એજ વાત કરે છે. 'માઇન્ડ ઇઝ મેટર.' પદાર્થના સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્કંધને જૈન પરિભાષામાં પુદ્ગલ કહે છે. કોમ્પ્યુટરમાં ચીપસ્ હોય છે. તેમાં જે માહિતી આપણે ભરીએ તે સંઘરાય છે. સંઘરવાનું માધ્યમ છે, પદાર્થ ! જુદી જુદી ફ્રીકવન્સીના તરંગો તેમાં સંઘરાય છે. દિવાસળીના ખોખા જેટલા અને હવે તો એનાથી પણ નાના કોમ્પ્યુટરમાં કરોડો હકીકતો સંઘરાય છે. એટલું જ નહિ તે ગુણાકાર કરે, અને આદેશ પ્રમાણે અનેક અટપટી હકીકતો પરથી સાર પણ તારવે. કેમ વર્તવું, કેવા નિર્ણયો લેવા તેનું પણ માર્ગદર્શન આપે છે. આપણું મન કોમ્પ્યુટર જેવું છે. કરોડો નાના નાના (સેલ) કોષોનું મગજ બનેલું છે. એ કોષોમાં આપણે જે કાંઇ જોઇએ, ભોગવીએ તેની સ્મૃતિ સંઘરાય છે. દા.ત. એક વ્યક્તિને આપણે જોઇ, તેનું નામ સાંભળ્યું, એ મનના કોષોમાં સંઘરાય, અને વળી જ્યારે તે વ્યક્તિ ફરીથી મળે ત્યારે તેનું નામ, તેની સાથે થયેલી વાતો એ બધું જ યાદ આવે છે. એવું જ એક એક કર્મનું છે. આને વિગતથી આપણે સમજીએ. એક ઓછા પ્રકાશવાળા ઓરડામાં આપણે પ્રવેશ કરીએ. એક દોરડી પડેલી છે. એ જોતાં જ આપણને થાય છે કે કશુંક પડેલું છે. આ થઇ ઇહા. પછી, અગાઉનાં સ્મરણો સાથે તુલના થાય. સાપ જેવું કાંઇક છે. એ થયું અવાય. ચિત્ત જરા ઊંડે ઉતરે છે, જે જોયું તેની સાથે પહેલાંના અનુભવોની ચકાસણી કરે, આ

થયું ધ્યાન, એકાગ્રતા. અને છેવટે જે જોયું તેનાં સંવેદનો અને પહેલાં જોયેલાના અનુભવો પરથી નિર્ણય પર આવે કે આ સાપ નથી પણ દોરડી છે તે ધારણા. વળી પાછી એ સ્મૃતિ ચિત્તના કોષોમાં સંઘરાય છે.

આમ પ્રત્યેક કર્મ સૂક્ષ્મ પુદ્‌ગલ રૂપે ચિત્તમાં સંઘરાય છે. એની છાપ પડી જાય છે. આને કર્મબંધ કહ્યો છે. જેટલી તીવ્રતાથી આપણે કર્મને ભોગવી એટલી તીવ્ર ઘેરી છાપ ચિત્તમાં અંકાઇ જાય છે. આ થયો કર્મનો બંધ. સમજવા માટે એક સાદો દાખલો લઇએ. આપણે ખાવા બેઠા. થાળીમાં ભજિયાં આવ્યાં. તે આપણને ખૂબ ભાવ્યાં. વાહ, સરસ કહી હોંશથી ખાંધાં. આ વાહ, નો ભાવ અંકાઇ ગયો. દશેક દિવસ પછી એ (છાપ) કર્મબંધનો ઉદય થયો. મનમાં ભજિયાં ખાવાની ઇચ્છા થઇ... મને ખા... આ ઇચ્છા થવી એ કર્મનો ઉદય. જ્યારે કર્મનો ઉદય થાય ત્યારે એને અનુકૂળ પુદ્‌ગલો એકઠા મળી આપણી સામે આવીને ઊભા રહે અને આપણે એને એટલી જ તીવ્રતાથી ભોગવીએ એટલે વળી પાછો નવા કર્મ બંધ થાય. આમ કર્મનો ઉદય, ભોગ, અને બંધ કે ખપી જવાની પ્રક્રિયા એક ક્ષણ માટે થંભતી નથી. સ્થૂળ સ્વરુપે ન ભોગવો તો મનથી પણ ભોગવ્યા વગર છૂટકો જ નહિ. કેટલીક વાર સ્વપ્નમાં આપણે રસ ખાઇએ છીએ કે કોઇનું ખૂન પણ કરી નાખીએ છીએ.

કયું કર્મ ક્યારે ઉદય પામે તે આપણા હાથમાં નથી. કર્મ પાકવાનો કાળ પાકે ત્યારે તે આપોઆપ સપાટી પર આવે. જે સુખ આપણે પહેલાં ભોગવ્યું હોય તેને અનુકૂળ સંવેદન તે થયું સુખ, અને તેને પ્રતિકૂળ સંવેદન એ દુઃખ. વાસ્તવમાં સુખ સુખ નથી અને દુઃખ દુઃખ નથી. સમયસારમાં સુખની આ વ્યાખ્યા આપવામાં આવી છે. કેટલી વૈજ્ઞાનિક છે ? એક જ ક્રિયાથી એક વ્યક્તિ સુખ અનુભવે અને એજ પ્રક્રિયા બીજાને સુખ આપતી નથી. કારણ કે તેણે તે પ્રમાણે તે ભોગવ્યું નથી. સમજવા માટે એક દાખલો લઇએ. એક વ્યક્તિ માંસાહારી છે. તેની થાળીમાં સામિષ વાનગી આવતાં તેના મોંમાં પાણી છૂટે છે. કારણ કે તેણે એવી વાનગીની તીવ્રતાથી લિજ્જત માણી છે. એજ વસ્તુ શાકાહારીના ભાણામાં આવી જાય તો તેને ચિતરી ચઢે છે. વસ્તુ એની એજ છે, ભોગવનાર જીભ પણ બંને પાસે છે. એક ને મઝા પડે છે ને બીજાને ચિતરી ચઢે છે. કારણ કે સુખ કે દુઃખનું મૂળ ચિત્તમાં સંઘરાયેલી સ્મૃતિઓ છે. અથવા જૈન પરિભાષામાં કર્મ પુદ્‌ગલો અથવા કર્મની ગાંઠો છે.

આ કર્મ ક્યારે ઉદય પામશે તે આપણા હાથની વાત નથી. એક જાણીતો કિસ્સો

છે. એક ન્યાયમૂર્તિ સવારમાં ફરવા નીકળ્યા છે. વહેલી સવારમાં ઝાડના ઝૂંડ ઓથેથી એક ચીસ સંભળાય છે. એક માણસ બીજા માણસનું ખૂન કરીને ભાગી જાય છે. ન્યાયમૂર્તિના ચિત્તમાં એ ખૂનીનું ચિત્ર અંકાઈ જાય છે.

ખૂનનો ખટલો એ જ ન્યાયમૂર્તિ પાસે આવે છે. ખૂનીની ઓળખ, પ્રત્યક્ષ જોનાર સાક્ષીઓની જુબાની લેવાય છે. પણ ન્યાયમૂર્તિના મનમાં દ્વિધા છે. તેને સતત એમ થાય છે કે મેં જે માણસને ખૂન કરતાં જોયો હતો તે આ નથી. પણ કાયદા આગળ તે લાચાર હતા. બધી જ જુબાનીઓ જડબેસલાક પડી હતી. ન્યાયાધીશે તેને ફાંસીની સજા આપી.

પણ, તેના ચિત્તમાં ગડમથલ ચાલુ જ રહી. તે ખૂનીને મળવા જેલમાં જાય છે. પ્રશ્ન પૂછે છે, 'જો ભાઈ સાચું કહેજે. આ ખૂન તે કર્યું હતું ?'

'ના' કેદીએ કહ્યું.

ન્યાયાધીશ એની સામે તાકી રહ્યો. જે માણસને તેમણે ખૂન કરતાં જોયા હતો તે ખરેખર આ નો'તો.

એટલે ન્યાયાધીશે ખૂનીને બીજો પ્રશ્ન પૂછયો, ' ભાઈ, જે થવાનું હતું તે થઈ ગયું. હવે તે મિથ્યા થવાનું નથી. પણ તને એક પ્રશ્ન પૂછું ? તેં આ પહેલાં કોઈ ખૂન કર્યું હતું ?'

આંખમાં આંસુ સાથે કેદીએ કહ્યું, 'હા, સાહેબ આ હાથે મેં બે ખૂન કર્યાં હતાં. ત્યારે હું પકડાયો ન હતો. મને કોઈ સજા થઈ નહતી. બીજો ભોગ બન્યો હતો. પણ આ ખૂન મેં કર્યું જ નથી. છતાં....

આ પ્રસંગ બતાવે છે કે કર્મનો કાળ ન પાકે ત્યાં સુધી ફળ મળતું નથી. બબ્બે ખૂન કરવા છતાં સજા ન થઈ કારણ કે કર્મ પાક્યું નહતું અને પૂર્વે કરેલા કર્મનો ઉદય થતાં કર્મ ન કર્યું હોવા છતાં ફળ ભોગવવું પડે છે.

કર્મનો ઉદય થાય તો કલ્પનામાં ન આવે એટલી લક્ષ્મી, એટલી સગવડો દોડી આવે ને બીજો ઉદય થાય તો એક જ રાતમાં આપણા લાખો રૂપિયાના શેરની કિંમત અડધી થઈ જાય. આટલું બરાબર સમજાય તો આપણે ખોટા અભિમાન કે સુખ દુઃખના તીવ્ર સંવેદનમાંથી ઉગરી જઈએ.

કર્મના અનેક પ્રકારો જૈન શાસ્ત્રમાં વર્ણવ્યા છે. તેમાં મુખ્ય આઠ છે. તેના પણ અનેક પ્રકારો કહ્યા છે. જે પ્રકારના કર્મનો ઉદય થાય તે જ પ્રમાણે તે ઉપર આવે. જ્ઞાનાવરણીય કર્મથી જ્યાં સુધી જીવ ઘેરાયેલો હોય ત્યાં સુધી ગમે તેટલા પ્રવચનો

સાંભળે તો પણ તેને સાચું જ્ઞાન થાય નહિ. એવું જ મોહનીય કર્મનું. અપૂર્વ અવસરમાં ગાયું છે :

તેથી પ્રક્ષિણ ચારિત્ર મોહ વિલોકીએ.
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો.

મોહનીય કર્મનો બંધ ઢીલો થતાં ચારિત્ર્યનો ઉદય આપોઆપ થાય છે. આપણે એ બધા પ્રકારનાં કર્મો, તેની અસરો, વિષે વિગતમાં નહિ ઉતરતાં મૂળ વાત પર આવીએ.

કર્મ ઉગતાં હોય, ભોગવાતાં હોય, ને વળી પાછા કર્મનો બંધ થતા હોય તો આપણે કરવાનું શું ?

આટલી વાત સ્પષ્ટ થઇ જવી જોઇ કે કર્મનો ઉદય આપણા હાથમાં નથી. પણ ક્યા પ્રકારના કર્મો ચિત્તમાં અંકિત થાય, તેનો ભાવ આપણા હાથમાં છે. આ છે પુરુષાર્થ. એટલે કર્મના ઉદય અસ્ત ને કર્મ આવન જાવનની ચોટલી આપણા વશમાં છે. આટલું જેને સમજાયું તે સાધકને કર્મ કેમ ભોગવવાં તેની ચાવી મળી જશે. કર્મ જડ છે. તે બાંધતાં નથી. પણ કર્મ ભોગવતી વખતે જે પ્રકારનો ભાવ ચિત્તમાં ઊઠે છે, તે બંધનું કારણ છે. તેથી કહેવાયું છે કે ભાવે બંધ. જેવો ભાવ તેવો બંધ.

સીત્તેર વર્ષના એક જૈન સાધુ ગુંદી આવ્યા. જૈન આચારનું પાલન કરતાં કરતાં તેમની ઇચ્છા થઇ કે કાંતવું. આ વાત તેમણે મને કરી. એક જૈન સાધુ રેંટિયો કાંતે તે મને ગમ્યું. પૂ. સંતબાલજી મહારાજ ત્યારે ઘોલેરાની ભાઠાપટ્ટીનાં ગામોમાં વિહાર કરતા હતા. આવો, ક્રાંતિકારક ફેરફાર કરતાં પહેલાં તેઓ સંતબાલજીની સલાહ લેવા ગયા. પંદર-વીસ દિવસમાં મળીને પાછા ગુંદી આશ્રમમાં આવ્યા.

'મહારાજ સાહેબ કેમ આપે શું વિચાર્યું' મેં પૂછયું.

તેમણે કહ્યું, 'અમે સંતબાલજી સાથે ચર્ચા કરી. કાંતીએ એટલે ચરખો રાખવો પડે, પૂણી સંઘરવી પડે, અને તે નિત્ય કરવું પડે, મહારાજે કહ્યું.

'આપ જો કાંતવાના હો તો હું આપની સાથે ચરખો અને પૂણી લઇને ફરીશ' મેં કહ્યું. બારે મહિના નિયમિત ન કંતાય તો ચાતુર્માસ પૂરતું કાંતવાનું રાખો. તો પણ ચાલે.

'દેખો નવલભાઇ, સૂત કાંતીએ એટલે પરિગ્રહ થાય, અને અમારે સાધુને તો.....'

'મહારાજ આપ ચિંતા ન કરશો. જે કંતાશે તે બધું હું લઇ લઇશ. પછી પરિગ્રહ ક્યાં રહ્યો.'

'હાં, વો તો ઠીક હૈ, લેકિન ઐસી પ્રવૃત્તિ હમ કરે તો આત્મજ્ઞાનનું શું ?

મને ખબર હતી કે અંતે આજ દલીલ આવવાની છે. કર્મ બંધનું કારણ છે. તો કર્મ જ ન કરીએ તો બંધ થાય જ શી રીતે ? વાંચવા, લખવા કે પ્રવચન આપવા સિવાયની કોઇ પ્રવૃત્તિઓ ન કરવાનું તત્વજ્ઞાન આમાંથી જનમ્યું. જે સાધુ થાય તેનાથી કોઇપણ ઉત્પાદક પ્રવૃત્તિ થાય જ નહિ. એ કામો તો સંસારી જીવો કરે. સાધુ અનાજ ફળ ખાય ખરા, પણ અનાજ પેદા કરવાની પ્રવૃત્તિ ન થાય. તે કપડાં પહેરે ખરા, પણ કાંતી ન શકે.

આધ્યત્મનું શું ? એવી મહારાજની દલીલ સાંભળી મેં પૂછયું, 'મહારાજ આપ તો મારાથી ઉંમરમાં ઘણા મોટા છો, વળી દીક્ષા લઇ સાધુ જીવન જીવો છો. પણ એક પ્રશ્ન પૂછું ? રેંટિયો મોટો કે આત્મા મોટો ?

'આત્મા' મહારાજે કહ્યું.

તો આપ જ કહો, રેંટિયો તો જડ છે. તે ચલાવવાથી આત્મજ્ઞાન જતું રહે તો આત્મા કરતાં રેંટિયાની તાકાત વધુ થઇ કે નહિ ? જડ રેંટિયો ચલાવવાથી આત્મજ્ઞાન નાશ પામે તો આત્મા કરતાં જડની તાકાત વધુ ગણાય.

'તેમણે કહ્યું, 'દેખો નવલભાઇ, સબ રોટીકા સવાલ હૈ, હમ ચરખા ચલાયેંગે તો શ્રાવક હમેં ગોચરી નહિં દેંગે, ઉપાશ્રયમેં રહને સે મના કરેગે.'

'બસ, મહારાજ, આ મર્યાદા સમજી શકાય એવી છે. પણ એક વાત સમજવા ને ફરીથી વિચારવા જેવી છે. આપણા દેહને પોષવા માટે આપણે સમાજમાંથી અન્ન, ફળ, દૂધ, કપડાં વગેરે લઇએ છીએ. તે વસ્તુઓ કોઇ પણ જાતના રાગ કે પરિગ્રહની ભાવના વગર ઉત્પન્ન કરવામાં આવે તો તેમાં પાપ નથી. જડ ક્રિયા આત્માને બાંધી શકતી નથી. જે બાંધે છે તે તો એ વસ્તુ પ્રત્યેનો આપણો રાગ.

હું શરીરને ઢાંકવા કપડું વાપરું છું. મીલમાં જે કાપડ બને તેમાં મહા પરિગ્રહ છે. વ્યક્તિ પોતાની જરૂરિયાત પૂરતું કાપડ ઉત્પન્ન કરે. સમાજ ધર્મ સમજીને સમાજમાંથી જેટલું લીધું તેમાં થોડું ઉમેરીને સમાજને પાછું આપે તો જ સમાજ ચાલતો રહે.

પણ અનાજ ઉત્પન્ન કરતી વખતે કે કાંતતી વખતે એવો ભાવ રહે કે આ સૂતર મારી પત્નીની સાડી માટે કાંતું છું, કે વધારે પૈસા એકઠા કરવા ખેતી કરું છું તો એ બંધનું કારણ બને. ક્રિયા તો જડ છે, એ ક્રિયા કરતાં કરતાં રાગ કે દ્વેષના જે ભાવો કરીએ તે

કર્મબંધનું કારણ બને છે.

એક બહેન પાસે સોનાના સોળ શણગાર છે, હીરાના લાખો રૂપિયાના ઘરેણાં છે. એ પહેરી તે અરીસા સામે ઊભી રહે છે. તે વખતે તેના મનમાં ભાવ ઊઠે છે; વાહ, આ ઘરેણામાં હું કેવી સુંદર લાગું છું. કેવી શોભું છું ? આ ભાવ એ બંધ. જેટલી તીવ્રતાથી ભાવ કરો તેટલી ઘેરી છાપ, કર્મબંધ આપણી ચેતનાની આસપાસ રચાય. એજ સોનાનાં ઘરેણાં બીજી વ્યક્તિ શરીર પર ધારણ કરે પણ જો તેની સમજ પાકી હોય કે આ સોનું પરદ્રવ્ય છે. તે મારી સુંદરતામાં વધારો કરતું નથી. એવા ભાવવાળી વ્યક્તિને ઘરેણાં પહેરવા છતાં કર્મબંધ થતો નથી. હા, ઘરેણાં પહેરવાં ખરેખર આવશ્યક છે કે કેમ તેનો વિવેક કરવો જોઇએ.

જીવનના આ રહસ્યને જરા વિગતથી જોઇએ.

ખરેખર હું આત્મ સ્વરુપ છું. શુદ્ધ ચેતનાનો પુંજ છું. આનંદ સ્વરુપ છું.

'જે સ્વરુપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત....'

આ શુદ્ધ આત્મસ્વરુપ એજ મારું સાચું સ્વરુપ છે, તે સમજાય તો જીવન આનંદથી ઉભરાઇ જાય.

પ્રત્યેક જીવ ચૈતન્ય સ્વરુપી છે. શુદ્ધ આત્માનો સ્વભાવ છે જાણવું. જાણવું એક વાત છે અને ભાગીદાર થવું એ બીજી વાત છે. ભાગીદાર થયા એટલે સુખ દુઃખના ચક્રમાં સપડાયા. આને સમજવા આપણે એક સાદો દાખલો લઇએ. વીજળીનો દીવો છે. તે સફેદ પ્રકાશ પાથરે છે. આ થયું શુદ્ધ આત્મ તત્ત્વ. પણ એ ગોળા ઉપર જો લાલ કાગળ લગાડીએ તો ? તે પ્રકાશ સફેદ હોવા છતાં જેવો કાગળ તેવા રંગનો પ્રકાશ થઇ જવાનો. આવરણથી વીંટળાયેલી શુદ્ધ ચેતના તે જીવ. આ આવરણ શાનું છે ? કર્મની અનંત ગાંઠોનું. જે જીવ ક્રોધની તીવ્ર ગાંઠો લઇને જન્મે છે તે જીવ આપણને ક્રોધી દેખાય છે. આમ કામ, ક્રોધ, લોભ અને મોહના આવરણોથી વિંટળાયેલી શુદ્ધ ચેતના તે જીવ. અને તેની સાથે વ્યક્તિનો અહં ભળે તે નવલભાઇ કે ઇન્દુબેન.

દરેક જીવ પૂર્વ જન્મના કર્મોની ગાંઠનું પોટલું લઇને જન્મે છે. જે પ્રમાણે કર્મોનો ઉદય થયો હોય તે પ્રમાણે તેને દેહ, રૂપ, આયુષ્ય વગેરે મળે છે. આને આયુકર્મ, નો કર્મ, ગોત્ર કર્મ, વગેરેથી ઓળખવામાં આવે છે.

કર્મના આઠ પ્રકાર છે.

જ્ઞાનાવરણીય   આયુ કર્મ

દર્શનાવરણીય　　　નામ કર્મ
વેદનીય　　　ગોત્ર કર્મ
મોહનીય　　　અંતરાય કર્મ

જ્ઞાનાવરણીય કર્મથી ચેતના ઘેરાયેલી હોય ત્યાં સુધી શુદ્ધ જ્ઞાન ન થાય. ને મોહનીય કર્મનો ઉદય હોય ત્યાં સુધી જ્ઞાન ચારિત્ર્યમાં પરિણમે નહિ. કર્મોના ઉદય પ્રમાણે પત્ની, પુત્ર, પિતા મળી આવે. આપણે માનીએ છીએ કે આ મારી પત્ની કે આ મારો પુત્ર. વહેવારમાં પત્ની ખરી, ને પુત્ર પણ ખરો. પણ વાસ્તવમાં તો કર્મના ઉદય પ્રમાણે ભોગવવાના એ સંબંધો છે. માની લો કે જીવ એક લાખ કર્મની છાપો લઇને જન્મે છે. કર્મ ઊગે છે, જીવ ભોગવે છે, સીત્તેર વર્ષ એ ગાંઠના પોટલામાં જો પચ્ચીસ પચાસનો ઉમેરો થયો તો તે જીવ્યો ખરો, તેણે ખાધું પીધું, ભોગવ્યું ખરું, પણ જીવનના અંતીમ ધ્યેય, એટલે કે ગ્રંથીઓથી મુક્ત એવી નિર્ગ્રંથ અવસ્થાની દ્રષ્ટિએ તો તેનું જીવન એળે ગયું. બીજી વ્યક્તિ ટૂંકા જીવનમાં એ ગાંઠોના પોટલામાંથી થોડી ઓછી કરે તો એટલે અંશે જીવન ધ્યેયને પંથે આગળ વધ્યું. જીવનની કૃતાર્થતા કેટલી સગવડો વધારી, કેટલા ભોગો ભોગવ્યા એમાં નથી. અનંત જન્મની અનંત ગાંઠોમાંથી જન્મના મરણ વચ્ચેના પ્રવાસમાં કેટલી ગાંઠો ખરી પડી તેજ છે ખરું જીવન.....

આ ગાંઠો કેવી રીતે છૂટે ને શુદ્ધ ચૈતન્યની આસપાસ કષાયોના પુદ્‌ગલોનું જે આવરણ છે તે પાખું કેમ પડે તે સમજીએ. પ્રકાશ તો છે જ. તે અંદર જ છે. બહારથી મેળવવાનો નથી. ફક્ત ગોળાને લાગેલી મેશ, કે ગોળા પર વિંટાયેલા રંગબેરંગી કાગળોને આપણે દૂર કરવાના છે. એ જેમ જેમ દૂર થતા થાય, અથવા કર્મના બંધનો ક્ષીણ થતાં જાય તેમ તેમ વધારે ને વધારે પ્રકાશની, સ્વસ્વરુપની અનુભૂતિ થાય. આનંદનો ઓઘ અનુભવી શકાય.

કર્મ તો ઉદય પામવાનાં જ છે. તે વખતે જાગૃતિપૂર્વકના વિવેકથી જો કર્મને પસાર થઇ જવા દઇએ તો તે કર્મ ખપી જાય. એટલે કે ચિત્તમાં તેની નવી છાપ ન અંકાય. એટલી ગાંઠ છૂટે. આ છે સાધના. સતત જાગૃતિથી જીવવાથી આવતાં કર્મોને જોઇ શકાય. અને કર્મ ખર્યું કે નવું કર્મ બંધાયું તે પણ જાણી શકાય. આને સતત જાગૃતિ કહી છે. એવર અવેરનેસ, એવર કોન્સિયસનેસ. સતત જાગૃત રહી, ચિત્તમાં ઊઠતા ને ઓસરતા એક એક તરંગનું નિરીક્ષણ કરતાં કરતાં - વર્તમાનમાં જીવો. ન ભૂતકાળના સ્મરણો કે છાપો ને વાગોળો કે ન ભવિષ્યની ચિંતા વેંઢારો.

૨૪ વર્ષ જૈન મુનિશ્રી સંતબાલજી સાથે જીવવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું. તેમના ગુરુ કવિવર્ય નાનચંદ્રજી મહારાજની ઉંમર ૮૫ વર્ષ હશે. એક દિવસ મેં તેમને પ્રશ્ન પૂછ્યો, 'ક્યું કર્મ આવ્યું, ક્યું કર્મ બળ્યું ને ક્યું કર્મ નવું બંધાયું તેની ખબર પડે ખરી ?

તેમણે મારો હાથ તેમના હાથમાં લીધો. એ સ્પર્શમાં ચેતના હતી. તેમણે કહ્યું, કાંઇ અનુભવાય છે ?

મેં કહ્યું, 'હા. સ્પર્શ, ગરમ અને ઉષ્માભર્યો.'

'બસ, જેમ સ્પર્શ થયો એ અનુભવી શકાય તેમ કર્મનો પ્રવાહ જાણી શકાય. ગજવામાં સો રૂપિયાની નોટ હોય તો તેની ખબર રહે કે નહિ ?' નાનચંદ્રજી મહારાજે પૂછ્યું.

'એ તો પડે જ ને ? વારેઘડિયે ત્યાં ધ્યાન જાય.'

જો સો રૂપિયાની ગરમી અનુભવાય તો કર્મની પણ અનુભવાય. તે માટે એકએક પળની જાગૃતિ જોઇએ. નટ દોરડા પર કૂદે, પણ તેની એકાગ્રતા તો દોર ઉપર જ હોય.

ખાતાં પીતાં હરતાં ફરતાં આત્મભાન નવ વિસ્મરીએ

હાથ પગ હાલે, કામ થતાં રહે પણ એક એક પળ હું આત્મા છું એવાં ભાન સાથે કર્મ થાય તો કર્મ ખપી જ જાય. કર્મને ભોગવો નહિ, વાગોળો નહિ, કર્મને પસાર થઇ જવા દો. નાનચંદ્રજી મહારાજ એવી ભૂમિકાએ હતા કે દિવસ દરમ્યાન એક પણ નવું કર્મ બંધાતું ન હતું, આત્મભાવમાં લીન રહેતા. સાદી સરળ અને અંતરને સ્પર્શી જાય એવી ભાષામાં અનેક કાવ્યો તેમણે રચ્યાં છે. મને એક કાવ્ય ખૂબ ગમી ગયેલું.

રાત્રે રોજ વિચારો આજ કમાયા શું અહીં રે,
કરવાનાં શા કામો કીધાં ન કરવાનાં ક્યાં તજી દીધા.

પૂ. શ્રી રવિશંકર મહારાજ સાથે હું પ્રવાસમાં હતો. એક બહેને ભાવથી મહારાજ માટે રસોઇ કરી હતી, લાડૂ હતા. તેમને માટે દૂધીનું બાફેલું શાક બનાવ્યું હતું. અમારે માટે બીજું શાક હતું. ત્યારે મહારાજ બાફેલી દૂધીનું શાક ખાતા.

મહારાજ આખા દિવસમાં પાંચ જ વાનગી ખાતા. અને તે પણ એક પછી એક. તેમણે દૂધીનું શાક પૂરું કર્યું. એટલે બહેને વધારે પિરસ્યું, મહારાજ તે પણ ખાઇ ગયા.

જમી રહ્યા પછી રસોડામાંથી બહેન એકદમ દોડતાં આવ્યા ને મહારાજની માફી માગી. મેં શાક ચાખ્યું જ નહતું. કડવી ઝેર દૂધીનું શાક આપ ખાઇ ગયા ? એક શબ્દ

પણ બોલ્યા નહિ ? મને થયું કે આપને ભાવે છે એટલે બીજું પીરસ્યું.

બહેનને ભારે અફસોસ હતો. મહારાજે કહ્યું, 'આ લૂલી (જીભ) બહુ ચાંપલી છે. કડવું એને લાગ્યું, મારે શું ? જે મળે તે ખાઇ લઇએ તો જ તે સીધી રહે.'

કડવી દૂધીનું બાફેલું શાક પણ મોં પર જરાય ભાવ લાગ્યા વગર જે ખાઇ જાય તેને કર્મ બાંધે ખરું ? સારું નરસું, ગમતું ન ગમતું વગેરે ભાવ વગર જે ખાય તેનું કર્મ ખરી પડે. જમવા બેસીએ ત્યારે થાળીમાં જે આવે તેને ઔષધ સમજી આરોગવું. ખારું ખાટું, મીઠું મોળું કર્યું એટલે મર્યાં. પણ કેટલાક પતિદેવોને તો ટેવ જ હોય છે કે રસોઇમાં કોઇ ખામી કાઢે જ.

સાંજે આપણે પ્રતિક્રમણ કરીએ છીએ. એનું જૈન આચારમાં ઘણું મહત્ત્વ છે. આ સાધનાની પ્રક્રિયા છે. પ્રતિક્રમણ એટલે પાછા વળીને જોવું. શું જોવું ? દિવસ દરમ્યાન જે કર્મો થયાં તેમાં આપણો ભાવ કેવો રહ્યો તેનું સૂક્ષ્મતાથી નિરીક્ષણ અને આલોચના તે થયું પ્રતિક્રમણ. કર્મોના પ્રવાહના નિરીક્ષણને ટેવને કારણે કોઇ કર્મ રસથી ભોગવાઇ ગયું હોય તે ખંખેરી નાખવું તે ખરું પ્રતિક્રમણ.

એક વાનગી ભાવી, ટેસથી ખાધી, તેની પરંપરા ચાલી. તેમાંથી ટેવ પડી, ચા વગર ચાલે જ નહિ, ત્રણ વાગે એટલે ચા ડોકિયું કરે. આ ટેવ એટલે તીવ્ર બંધન, ચા વગર ન ચાલે એવું બંધન શા માટે ?

પ્રતિક્રમણ માત્ર બોલી જવાની ક્રિયા નથી. શાંત એકાંત સ્થળે બેસી દિવસ દરમ્યાનની ઘટનાઓને જોઇ જવાની પ્રક્રિયા છે.

એવું જ સામાયિકનું. એ પણ બોલી જવાની ક્રિયા નથી. 'સમય' નો અર્થ છે આત્મા. સામાયિક એટલે આત્મભાવમાં વસવું, આત્મભાવમાં રહેવું તે. આ રીતે જીવવાની ટેવ પડે તે માટે રોજ સામાયિક કરવાની વિધિ સૂચવી છે. પણ ખરું સામાયિક તો સ્વસ્થ ચિત્તે આત્માનું સ્મરણ છે. આત્મભાવમાં રહેવું તે છે.

હે સાધક, એક ક્ષણ માટે પણ તું સમયનો પ્રમાદ ન કરીશ. આ સમય એટલે ટાઇમ નહિ, સમત્વમાં લઇ જાય તે સમય.

પ્રતિક્રમણથી દિવસ દરમ્યાન જે ભાવો થયા તેના બંધનો હળવા કરી શકાય છે, અને સામાયિકથી આત્મદશામાં સ્થિર થવાની ભાવના વધતી જાય છે.

ભગવાન મહાવીરે એક મહત્વની વાત કરી છે. બધાં જ જૂનાં કર્મો એનો કાળ પાકતાં ઉદય પામે અને તે ભોગવવાં પડે જ એવું પણ નથી. ભગવાન મહાવીરે તો કહ્યું,

આપણી તીવ્રમાં તીવ્ર કર્મોની ગાંઠોને બાળીને નાશ કરી શકીએ છીએ. એ માટેનો શબ્દ છે. તપસા ચ નિર્જરા, તપથી કર્મોની નિર્જરા થાય છે. તપના બે પ્રકાર વર્ણવ્યા છે : ઓછું ખાવું, ઉપવાસ કરવા, વગેરે બાહ્ય તપ છે. સ્વાધ્યાય, સત્સંગ, આત્મચિંતન એ આંતરિક તપ છે. એટલેજ જૈન ધર્મમાં માનનાર લાંબા ઉપવાસો કરે છે. મહાવીર ભગવાન દીર્ઘ તપસ્વી હતા.

આ ઉપવાસ એટલે નહિ ખાવું એટલું બસ નથી, ઉપ એટલે પાસે, અને વાસ એટલે વસવું તે. કોની પાસે વસવું ? આત્માની પાસે વસવું તે થયો ઉપવાસ. દેહને પાણી અને ખોરાક ન આપીએ અને આત્માનો વિચાર શુદ્ધાં ન કરીએ તો તે લાંઘણ થયું. લાંઘણ એ ઉપવાસ નથી. જે આત્માની સમીપ જાય તેની બધી ઇન્દ્રિયોના વહેવારો મંદ પડી જાય. એટલે તે ખાવાનું બંધ કરતો નથી પણ એ અવસ્થા જ એવી છે કે તેમાં ખાવાનું છૂટી જાય છે. બહારના પદાર્થો જોવાની વૃત્તિ સમી જતાં આંખ ઢળી જાય છે અને મોંથી બોલવાનું બંધ થઇ જાય છે.

ઉપવાસ કરવાનું આપોઆપ સહજ થઇ જવું જોઇએ. એ ખરો ઉપવાસ ખરું મૌન. બાકી મૌન લીધું હોય છતાં મન તો ભટકતું હોય, આંખ ને હાથનાં ઇશારાથી બધા કામો થતાં હોય, તો તે નથી સાચું મૌન કે ખરો ઉપવાસ.

સ્વાદથી ખા ખા કરે તેના કરતાં ઓછું કે ન ખાય તેથી ફાયદો જ છે. વધારે ને ચટાકેદાર ખાવાથી જેટલા રોગો થાય છે એટલા રોગ ઓછું ને સાદું ખાવાથી થતા નથી. પણ અધ્યાત્મ સાધનામાં ઉપવાસની ભૂમિકા જુદી જ છે.

કર્મના સ્વરૂપની એક બીજી મહત્વની વાત કરી છે. કર્મ બે પ્રકારના છે. એક પુણ્યાનુબંધી કર્મ ને બીજું પાપાનુંબંધી કર્મ. કર્મ શુભ હોય તો તેથી પૂણ્ય મળે, અને અશુભથી પાપ. પણ આ બન્ને પ્રકારનાં કર્મો બંધ તો કરે જ છે. એને સમજાવતાં કહ્યું છે, પાપકર્મ જો લોખંડની બેડી હોય તો પૂણ્યકર્મ સોનાની બેડી છે. બંને બેડીઓ છે : તેથી પાપ અને પૂણ્ય બાંધનાર બધાં કર્મો એવી રીતે થવા જોઇએ કે જેથી બંધ ન થાય. હા, પાપનો ઉદય કરનાર કર્મો કરતાં દિલ ખચકાય છે. એટલે એમાંથી ઉગરવાની વૃત્તિ થાય છે. પણ પૂણ્ય કર્મ તો સુગર કોટેડ કવીનાઇન જેવું છે. તે ગળ્યું લાગે છે. પણ કર્મબંધની દ્રષ્ટિએ તે કડવું છે.

દાન કરવું એ પૂણ્ય કર્મ છે. જો સમજપૂર્વક દાન આપવામાં આવે તો એટલો પરિગ્રહ ઓછો થાય. સમજપૂર્વક જેટલો પરિગ્રહ ઘટે એટલી પરદ્રવ્ય પ્રત્યેની મૂર્છા

મટે. પણ મેં આટલું દાન આપ્યું એવો ભાવ થયો કે બંધ લાગ્યો સમજો.

મારા એક સ્વજને એક હોસ્પિટલ માટે રૂ. ૩,૦૦,૦૦૦/- નું દાન આપ્યું. અમને થયું કે તે સંસ્થાના મકાન સાથે તેમનું નામ જોડીએ. હું મળવા ગયો. તેમણે કહ્યું, 'નવલભાઇ, આ નરોત્તમને કોણ ઓળખે છે? એ નામની તકતી પાસે ઊભા રહી મારે કહેવાનુંને કે આ નરોત્તમ તે હું.'

આવા કશા પ્રકારની પ્રતિષ્ઠાના બદલા વગર જે અપાય તે ખરું દાન. સૌથી વધારે ગાઢ બંધ છે સૂક્ષ્મ 'લોભ'નો. તેરમે ગુણસ્થાને પહોંચ્યા પછી આ લોભનો ઉદય થતાં સાધક નીચેના ગુણસ્થાને આવી જાય. દીક્ષા લીધી હોય છતાં આ મંદિર બંધાવવાની પ્રેરણા મેં આપેલી.... એટલે કલ્યાણકારી પ્રવૃત્તિઓ પાછળ પણ જો પ્રતિષ્ઠા કે મોટાઈનો સૂક્ષ્મભાવ હોય તો તે પણ ગાઢ બંધનું નિમિત્ત બને છે.

તો પછી પ્રશ્ન થશે શું આપણે કર્મ જ ન કરવું? હાથ જોડી બેસી રહેવું? જો આખો સમાજ એવું કરે તો પ્રગતિ જ થંભી જાય. એક રીતે આ દલીલ સાચી છે. પણ ખરા અર્થમાં કર્મનું રહસ્ય સમજીએ તો અનંત કર્મોની ગાંઠો અંતરમાં પડેલી છે. એ કર્મ ઉદય પામવાનાં જ છે. તમે કર્મ કરતા નથી. કર્મનો ઉદય તમારી પાસે કર્મ કરાવે છે. કરાવ્યા વગર રહેવાનો નથી.

'તો પછી આપણે શું કરવાનું?'

'શુભ ભાવ.' આપણા ચિત્તમાં સતત એવી ભાવના કરવી કે જેને પરિણામે નવાં કર્મો ન બંધાય.

આવી ભૂમિકામાં જીવ સુખ દુઃખથી ઉપર ઉઠશે. તેના ચિત્તના રાગદ્વેષ સમી જશે. તે વધારે ને વધારે સમતામય જીવન જીવશે. ગમે તેવી પરિસ્થિતિ તેને અકળાવે નહિ. આવો સાધક સહજ રીતે વિતરાગ થશે. તેના રાગ ને દ્વેષ ઉત્તરોત્તર ઘટતા જશે.

વિતરાગતા એ પારાશીશી છે. જેના રાગદ્વેષ ઘટયા, ક્ષીણ થયા તેને સમતા પ્રાપ્ત થયા વગર રહેવાની નથી. અને જેને સમત્વ સહજ થયું તે સિદ્ધદશા ને પામશે. કર્મના બંધનો એક પછી એક ક્ષીણ કરી આત્માનુભવનો આ છે પંથ. એ માર્ગે ચાલવા માટેનો ભાવ આપણા સૌના હૃદયમાં જન્મે એવી મંગલ ભાવના.

શરીર ધર્મ સાધનાનું માધ્યમ છે. એને અતિ પંપાળવું નહિ; તે જેટલું જરૂરી છે એટલું જ તે સ્વસ્થ રહે તે પ્રકારનો આહાર-વિહાર-વિવેક જરૂરી છે. દમના હુમલાથી હાંફતા માણસને આપણે શાંતિ રાખવાનું કહીએ તો તે તેને ગમતું નથી. એટલે શરીર

મળમૂત્રની ખાણ છે, કે સંસાર કાળો કોલસો છે એવું કહેવાથી દેહ પ્રત્યે ઘૃણા જન્મે, પણ આપણે ભૂલવું ન જોઈએ કે દેહ દેહ છે. આત્માને પામવા માટે મળેલું સાધન છે, અને સંસારની અનેક ઉત્પાદનની પ્રવૃત્તિઓથી આપણો દેહ પોષાય છે. એટલે શરીરને શરીર તરીકે સમજી તે સ્વસ્થ રહે તે માટે આહાર, વિહાર, વ્યાયામ, વગેરે સમજપૂર્વક કરવાં ઘૃણાના ભાવથી તાત્કાલિક વૈરાગ્ય આવે પણ એ પાકી સમજ નથી. સંસારને સમજવો, તેમજ દેહને સમજી તે પણ સ્વસ્થ રહે એવું જીવવું.

શરીરની સ્વસ્થતા માટે વ્યાયામ જેમ આવશ્યક છે. તેમ અંદરની યાત્રા માટે પણ કેટલી પ્રક્રિયાઓ ઉપયોગી છે. તે આત્મા સુધી પહોંચવામાં મદદ કરે છે. તે છે : પ્રતિક્રમણ અને સામાયિક.

સામાયિકનો સૂક્ષ્મ અર્થ છે : આત્મભાવમાં રહેવું. તે કઈ રીતે રહી શકાય તે માટેની વિધિ છે ધ્યાન.

આત્માની ચેતના, મન, બુદ્ધિ ને ચિત્ત દ્વારા વ્યક્ત થાય છે. જે મનન કરે છે, તે મન. ઉંડાણથી ચિંતન કરી નિર્ણય પર આવે છે તે ચિત્ત અને ખરા ખોટાનો બધી બાજુથી વિચાર કરે તે બુદ્ધિ.

મનને એકાગ્ર કરવું એ પ્રથમ પગથિયું છે. મનમાં તરંગો ઊઠયા જ કરે. એકાગ્રતા માટે છે ધ્યાન. એ માટેનું સૂત્ર છે : ધ્યાનાત્ જ્ઞાનમ્ - જ્ઞાનાત્ પરમ શાંતિ :

પ્રત્યેક પળે આકૂળતા અનુભવતો સંસારી જીવ શાંતિ માટેની યાત્રા આરંભે છે. એ માર્ગે કેવી રીતે આગળ ધપાય તે જોઈએ. મનની શક્તિ અગાધ છે. એકાગ્રતાથી ને કેળવણીથી તે શક્તિ વધી શકે છે. પૂ. મુનિશ્રી સંતબાલજીએ શતાવધાની પ્રયોગો કરેલા. એક સાથે જુદા જુદા પ્રકારના ૬૦ પ્રશ્નો તેમને પૂછવામાં આવે અને તે પછી કહીએ કે પચાસમા પ્રશ્નનો જવાબ આપો. તો તેઓ તરત જ તે જવાબ આપી શકતા. એક પ્રશ્નમાં ગુણાકાર કરવાના હોય તો બીજામાં કાવ્યની પચ્ચીસ પંક્તિમાંથી પાંચમી કે દશમી બોલી બતાવવાની હોય. આ શતાવધાનના પ્રયોગોને કારણે તેમની ઘણી વાહવાહ થતી. પણ એક જાગૃત સાધક તરીકે તેમણે જોયું કે આ શક્તિ ચમત્કાર છે; પણ એ લબ્ધિમાં જે અટવાઈ જાય છે તે આગળ વધી શકતો નથી. અમે કોઈ વાર પૂછતા કે મહારાજશ્રી અમને શીખવો ત્યારે તેઓ કહેતા આ તો માત્ર મનની શક્તિના ચમકારા છે. ખરો ચમત્કાર તો ચારિત્ર્યનો છે.

જેનું મન ચંચળ છે, તેની દશા કાણાવાળા કોશ જેવી છે. કૂવામાંથી પાણી કાઢવા

ગમેતેટલા ફેરા કરવામાં આવે પણ કોશ થાળે પહોંચે ત્યાં સુધીમાં કોશનું બધું પાણી કાણાવાટે પાછું કૂવામાં વહી જાય.

મનને એકાગ્ર કરવા માટે ઈષ્ટ દેવની પ્રતિમાનું ધ્યાન, અથવા આરાધ્ય મંત્રનો જપ, અથવા 'ઓમ' પર એકાગ્રતા ઉપયોગી થાય. પણ એ વાત સ્પષ્ટ ખ્યાલમાં રાખવી કે એકાગ્રતા એ ધ્યાન નથી. હા, મન જેટલું એકાગ્રતા માટે કેળવાય એટલા પ્રમાણમાં તેની ચંચળતા ઘટે. મન શાંતિ અનુભવે. એકાગ્રતા સમયે મનમાં આપણે જે પ્રતિમા કે ભાવ પર એકાગ્રતા સાધી હોય તેના ગુણોનું ચિંતન થાય. જેમ જેમ જપ કરતા જઇએ તેમ તેમ તેમાંથી શક્તિ પણ મળે.

એકાગ્રતાથી આગળનું પગલું છે ધ્યાન. આરંભમાં બહારના કોઇ પણ પ્રતીક કે મંત્રની મદદ લેવામાં આવે. પછી એ ધ્યાન અંદર તરફ વળવું જોઇએ. બહાર સપાટી ઉપર ઊઠતા તરંગો સમ્યા પછી અંદરની આત્મભાવની એકાગ્રતા સધાય. અને એ ધ્યાન જેમ જેમ સિદ્ધ થતું જાય તેમ તેમ આત્માની ઓળખ થતી જાય. એટલે જ કહ્યું છે ધ્યાનાત્ જ્ઞાનમ્ અને છેવટે જ્ઞાન એટલે જે ધ્યાનમાં જોયું, અનુભવ્યું તે ચારિત્ર્યમાં પરિણમે ત્યારે જ્ઞાનત્ શાંતિઃ. જ્ઞાનને પરિણામે આત્માના સ્વભાવરૂપ શાંતિ-આનંદનો અનુભવ થાય.

એ એકાગ્રતા, ધ્યાન, જપ એક માર્ગ છે. સાધનાનો બીજો માર્ગ પણ યોગમાં વર્ણવાયો છે. એ છે શ્વાસાનુંપ્રજ્ઞા-ધ્યાન. આપણો જીવ શ્વાસ મારફતે સતત બહારના વિશ્વ સાથે સંકળાયેલો રહે છે. શ્વાસ ચાલે ત્યાં સુધી જ દેહ જીવે અને શ્વાસ થંભ્યો કે તરત જ રામ બોલો ભાઇ રામ. પત્નીને ગમે તેટલી ચાહતા હાઇએ, અત્યંત સુંદર કાયા હોય પણ જેવા શ્વાસ થંભ્યો કે તરત જ એ દેહને સ્મશાને પહોંચાડવા માટે સૌ ઉતાવળા થાય.

આ શ્વાસની ગતિ વધઘટ થાય છે. સામાન્ય રીતે મિનિટના છ શ્વાસોચ્છવાસ કરતો માણસ જ્યારે ગુસ્સે થાય ત્યારે એના શ્વાસોચ્છવાસ વધી ને દશ-બાર થઇ જાય છે. એજ રીતે લોભ વધે ત્યારે પણ શ્વાસોચ્છવાસ વધી જાય અને કામ ઊઠતાં કે ભોગવતાં તો તે વધીને પંદર જેટલા થઇ જાય. એનો અર્થ એ થયો કે કષાયોની તીવ્રતા વધે તો શ્વાસની ગતિ વધે. એજ રીતે શ્વાસની ગતિ જો ધીમી પડે તો ચિતમાં ઉઠતા કામ, ક્રોધના સંવેદનો પણ મંદ પડે.

આ અનુભવ પરથી સાધનાનો જે માર્ગ સુચવાયો તે છે શ્વાસાનુંપ્રેક્ષા ધ્યાન. પાંતજલીએ ચિંધેલ હઠ યોગમાં પ્રાણને રુંધવાની, ઊંડા શ્વાસ અને ઉચ્છવાસની પદ્ધતિ સૂચવી છે. આ ધ્યાનમાં શ્વાસને રોકવાનો નથી. શાંત ચિત્તે અનુકૂળ આસનમાં (પદ્માસનમાં - જેમાં બધા જ તીર્થંકરોની પ્રતિમા બિરાજે છે.) તેમાં બેસો, અથવા

સવારમાં શરીરને તદ્દન શિથિલ કરીને (રીલેક્ષ) સૂઇ જાવ. આવતા જતા શ્વાસનું માત્ર નિરીક્ષણ કરો. શ્વાસની ગતિ સહજ થાય એટલે આપોઆપ શ્વાસ-ઉચ્છવાસનું પ્રમાણ ઘટે. સામાન્ય રીતે મિનિટના ૬ શ્વાસોચ્છાવસ ઘટીને ૩-૪ થઇ જાય. શ્વાસ-ઉચ્છવાસ ઘટે તેની સાથે જ બધા કષાયો મંદ પડે. બે ત્રણ દિવસ પછી નાકના અગ્ર ભાગ ઉપર શ્વાસની સૂક્ષ્મ ગતિનો અનુભવ થશે. તેના પર સહજ રીતે એકાગ્રતા સધાશે.

પછીનું પગલું છે : પ્રાણવાયુને તમે તમારા શરીરના જુદા જુદા ભાગોમાં સંચરતો અનુભવો . શ્વાસ શરીરના અણુએ અણુમાં પહોંચે છે. મન, હૃદય કે શરીરના અવયવો જ નહિ અણુએ અણુની સાથેની એકાગ્રતા સાધી શકાશે

શરીરના અણુએ અણુમાં ચેતનાનો અનુભવ થશે. શરીર હલકુંફૂલ ને જ્યોર્તિમય - પ્રકાશમય થઇ ગયેલું અનુભવાશે. શરીરના કોઇ અંગમાં રોગ કે વિકાર હોય તો તે અવયવ પર પ્રાણની એકાગ્રતા થતાં સ્વસ્થ થશે.

શ્વાસને ઉચ્છવાસની ગતિ જેમ ઘટે તેમ સહજ રીતે ચિતમાં ઉઠતા તરંગો ઓછા થાય. તેને પરિણામે મન અને ચિત્તના આવરણમાં લપેટાયેલી ચેતનાનો વધુને વધુ અનુભવ થાય. રોજ દશ પંદર મિનિટ શાંત એકાંત સ્થળે આવું પ્રેક્ષાધ્યાન કરનાર સાધક પોતાના જીવનમાં પાયાનો ફેરફાર જોશે. આ સાધના સમયે જેની શ્વાસની ગતિ સ્થિર ને સમ થઇ છે તેની અસર આખો દિવસ રહેશે. પછી કામ ક્રોધનાં નિમિત્ત ઊભાં થશે પણ શ્વાસની ગતિ, સમ રહેતાં તેની તીવ્રતા વધે નહિ. એ સાધનામાં આગળ જતાં શ્વાસ રાત દિવસ સમ થઇ જશે. અંદરની ચેતના કષાયોના ફરતાં બધાં આવરણો અથવા કર્મની ગાંઠોને પાર કરી પ્રગટશે ને શરીરના અણુએ અણુને ચેતનાનો સ્પર્શ થશે. એ સ્પર્શ થતાં આનંદની અનુભૂતિ થશે આ અનુભૂતિ વધતાં જીવન બદલાઇ જશે. શાંત મન, શાંત ચિત્ત, સમ શ્વાચ્છોશ્વાસ, શરીરનો એકેએક અણુ ચેતનામય એવી સ્થિતિમાં જે જીવે તેને નવાં કર્મો શી રીતે બંધાય ?

આ એક પળમાં આ બની જવાનું નથી. મંદિર, પૂજા, જપ એ એકાગ્રતા માટેનાં સાધનો છે. શ્વાસાનુંપ્રેક્ષા પણ એવું અસરકારક અને સમતા તરફ લઇ જનાર સાધન છે. રોજ થોડી મિનિટો આવી સાધના કરનાર થોડા જ દિવસોમાં સ્વસ્થતા, ચિત્તની શાંતિ અનુભવશે ને કામ-ક્રોધના આવેગો મંદ પડશે.

પરંતુ, આપણા જીવનનું છેવટનું ધ્યેય છે આપણામાં રહેલા શુદ્ધ તત્ત્વને અનુભવવું, તે મય થઇ જવું. છેવટે તે જ રહે અને બહારના બધાં આવરણ અથવા કર્મની ગાંઠોની લાંબી સાંકળ ક્ષીણ થાય. આપણે નિંગ્રથતાથી શરૂઆત કરી અને એ દશા કેવી રીતે પામી શકાય તેનું સહચિંતન કર્યું. જે અનુભવ કે પદ પામતાં જ બધા બંધનો છૂટી જાય છે, એવી મુક્તદશા, એવું મુક્ત આનંદથી ઉભરાતું - છલકાતું - જીવન આપણને સૌને સાંપડે એજ શુભ ભાવના.

સ્મૃતિ સુવાસ પુષ્પ : બીજું
જીવનનું ધ્યેય નિર્ગ્રંથતા

છેલ્લાં કેટલાક વર્ષોથી દર વર્ષે, વર્ષ દરમ્યાન થયેલ ચિંતન કે સંશોધનના પરિપાક રૂપે ગાંધી કૃષિ સંશોધન કેન્દ્ર તરફથી એકાદ નાની પુસ્તિકા તૈયાર કરવામાં આવે છે. એનો હેતુ જીવન વિશેની, સાંપ્રત પ્રશ્નો વિશેની સાચી સમજણ વિકસાવવાનો છે. અત્યાર સુધી નીચે પ્રમાણેની પુસ્તિકાઓ તૈયાર થઈ છે.

જલ છે જીવન	વાપરો વિચારીને
આપણો યુગધર્મ	જીવાડીને જીવો
પર્યાવરણ અને નર્મદા	સજીવ ખેતી

હમણાં નોર્થ અમેરિકાની સાહિત્ય એકેડેમીના ઉપક્રમે ગાંધી દર્શન ઉપર વ્યાખ્યાન આપવા જવાનું થયું. તે દરમિયાન ન્યુયોર્કના જૈન જાગૃતિ કેન્દ્રે જૈન ધર્મ વિશે બે વ્યાખ્યાનો ગોઠવ્યાં. તેને આધારે તૈયાર થઈ છે આ પુસ્તિકા : જીવનનું ધ્યેય નિર્ગ્રંથતા.

જૈન ધર્મનો મને ઊંડો અભ્યાસ નથી. પરંતુ પૂ. મુનિશ્રી સંતબાલજી, પંડિત સુખલાલજી વગેરેનું સાનિધ્ય અને જીવનના અનુભોને આધારે આ બોલાયું - લખાયું છે.

મારા સ્વજન, મિત્ર અને સાથી શ્રી ગોવિંદભાઈ રાવળે આવકાર લખી મોકલ્યો તે બદલ આભાર. અને રાજુ-દીપ્તિને તો કેમ ભુલાય? તેમણે છપાવવામાં મદદ ન કરી હોત તો આ પુસ્તક આ સ્વરૂપ પામી ન શક્યું હોત.

'સમજ' ગોપાલક સોસાયટી.
અમદાવાદ - ૧૩

નવલભાઈ શાહ
૧૮-૧૦-૯૩

ગાંઠનું પોટલું લઈ જન્મે છે જીવ
એ ગ્રંથી - પૂર્વગ્રહોથી
જીવાતું જીવન
એ શું
ખરેખર
છે
જીવન ?

●

પ્રકાશ અંદર જ છે
આત્માનો એ સ્વભાવ છે
તેને સમજો
જાણો
અનુભવો.
ખરી પડશે અનંતકાળની
અનંત ગાંઠો
ને
આનંદે ઊભરાશે
જીવન.



કિંમત રૂપિયા ચાર- પરદેશમાં ડોલર એક